R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ


MARCH - 2019

Total - 44 Pages

Vol No. 62 Issue No.12

## પાડોશી રાષ્ટ્રને

જગાડી સિંહ સૂતેલને તમે એક ભૂલ કીધી છે,
છંછેડી સાપ સૂતેલને તમે મૂર્ખાઈ કીધી છે.
હવે તૈયાર રહેજો પતનના અંજામ ભોગવવા
અમારા શૌર્યને બલિદાનની ગાથાઓ સાંભળવા
અહિંસક દેશ આ ભારત, સદા શાંતિને ચાહનારો,
નિરખવા વિશ્વને પરિવાર રૂપે, સદીઓથી ઝંખનારો,
નથી હિંસાની વૃત્તિ લેશ માત્ર, અમ દિલો દિમાગમાં
અહિંસાના પૂજારી બાપુના આદેશો અનુસરનારો....
ધીરજની હદ થઈ ગઈ છે, સહનશક્તિ ખૂટી ગઈ છે
નિરખી નિર્દોષોની નિર્મમહત્યા, માભોમે રડી રહી છે
શહીદોના આત્માની શાંતિ કાજ ને પરિવારોને દેવા સાંત્વન
ત્રાટકીને દુશ્મનો પર વેર લેવાની ફરજ પડી છે અમને....
ભલે મતભેદ હોય અમારામાં છતાં પણ એક થઈ જાશું
વતન માદરેના રક્ષાણાર્થે હજારોમાં ખપી જઈશું.
જાળવવા શાંતિ તિરંગાની લેશ માત્ર પણ અચકાયા વિના
જરૂરતમાં પડોશી રાષ્ટ્રની હસ્તી મિટાવી દઈશું.....




જ્યોતિપૂંજમાં જાહેરાત આપવા બદલ ખુબ ખુબ આભાર

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાળા) આયોજીત

# PRO T-10 Tournament

## શ્રી ભરતભાઈ બાબુલાલ પરીખ (રોકડીયા) હસ્તે : શ્રી મિતુલ ભરતભાઈ પરીખ

| (A) | **ટીમ** | **માલિકોનું નામ** |
|---|---|---|
| (૧) | કચેરીયા કીંગ્સ | શ્રી રિકીન મનોજ કચેરીયા |
| (૨) | બાલાસિનોર નાઈટ રાઈડર્સ | શ્રી ભાવિક ધારીઆ, શ્રી અન્કુર પરીખ |
| (3) | એન.સી.સી. ટાઈગર્સ | શ્રી રાહિલ ભરત કડકિયા |

**(B) સંપુર્ણ ટુર્નામેન્ટસ માટેના સહ ભાગીદારો**

(૧) કપડા પ્રાયોજક : મે. ઈમ્પેક્સ એન્જિનિયરિંગ અને ઈક્વીપમેન્ટસ કંપની દ્વારા શ્રી સમીર રમેશ દેસાઈ

(૨) કીટ પ્રાયોજક : મેસર્સ સમીર સેલ્સ કોર્પોરેશન દ્વારા શ્રી સમીર શિરિશ શાહ

(3) વ્યક્તિગત પ્રદર્શન પ્રાયોજક : મેન ઓફ ધ મેચ, શ્રેષ્ઠ બેટ્સમેન, શ્રેષ્ઠ બોલર, શ્રેષ્ઠ ફીલ્ડર, શ્રેષ્ઠ વિકેટકીપર, મેન ઓફ ધ સીરીસ દ્વારા શ્રી નટવરલાલ ચંદુલાલ મોદી (એમ.સી.મોદી) હસ્તે શ્રી કમલેશ મોદી

(૪) દરેક ચોગ્ગા અને છગ્ગા માટેના પ્રાયોજક : શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ

(૫) વિજેતા અને ઉપવિજેતાની ટીમ માટેના વધારાની રોકડ ઈનામના પ્રાયોજક : શ્રીમતી સાવિત્રીબેન પ્રવીણચંદ્ર ધારીઆ (લાલખા)

(૬) બોલ પ્રાયોજક : શ્રી બિપીન ગોકલદાસ ગાંધી

(૭) કેપ પ્રાયોજક : શ્રીમતી આરતી સતીશ પરીખ

(૮) સંપુર્ણ ટુર્નામેન્ટસની લાઈવ સ્ટ્રીમિંગ યુ ટ્યુબના પ્રાયોજક : એક શુભચિંતક

(૯) રોકડીયા પ્રો ટી-૧૦ ના ટોચના ૧૫ ખેલાડીઓ માટેના પ્રાયોજક : શ્રી જીગર કૌશિક પરીખ, શ્રી બીનોય કૌશિક પરીખ, શ્રી ધરવ રોહીત પરીખ ( બંગાલી) શ્રી નીરજ રોહીત પરીખ (બંગાલી)

**મંત્રી - ભાવેશ મોદી　　　સંયોજીક : રીપલ પરીખ**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૬૨ | ૧૨ | ૨૧-૦૩-૨૦૧૯ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# મનોમંથન

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

મહાભારતના યુધ્ધનો પ્રસંગ છે અઢાર દિવસનું યુધ્ધ પૂરું થયું પછી છેલ્લે દિવસે રથ લઈને કૃષ્ણ પાછા આવ્યા ને અર્જુનને કહ્યું કે,'તું પહેલાં રથમાંથી નીચે ઉતરી જા.'

અર્જુનને નવાઈ લાગી કે કૃષ્ણ કેમ આમ કહે છે ? તેણે કારણ પૂછયું. કૃષ્ણ કહે,'પહેલાં તું નીચે ઉતર પછી તને કારણ સમજાશે.'

અર્જુન રથમાંથી નીચે ઉતર્યો પછી કૃષ્ણ નીચે ઉતર્યા અને કહેવાય છે કે આખો રથ ભડભડ સળગી ઊઠયો. તેના અસ્તિતવનું હવે કોઈ કારણ રહ્યું નહોતું. આ દુનિયા પર તેનું કામ પૂરું થયું હતું.

અર્જુત હતપ્રભ થઈને જોઈ રહ્યો તેને સમજાયું નહીં કે આ શું થઈ રહ્યું છે ? કૃષ્ણ એ સમજાવ્યું કે હું રથમાં હતો એટલે રથ ટક્યો હતો. બાકી તો એ ક્યારનોય સળગી ઉઠયો હોત.

આપણા દેહરૂપી રથમાં કૃષ્ણ નામે ચૈતન્ય અસવાર છે ત્યાં સુધી જ એ ચાલે છે. એ ચૈતન્ય રથમાંથી જતુ રહે પછી દેહ પણ ભડભજ સળગાવી જ દેવાય છે ને !

❖ ❖ ❖

ઈતિહાસનો એક પ્રસંગ છે. અહમદશાહ અબ્દાલિએ દિલ્હી જીત્યું ને લાલ કિલ્લામાં પ્રવેશ કર્યો. એના સરદારોની ઈચ્છા હતી કે શહેરમાં વિજયકૂચ કાઢવામાં આવે. સવારી માટે હાથી મંગાવવામાં આવ્યો ને તેને શણગારાયો.

વિજયકૂચનો સમય થયો એટલે અબ્દાલિ બહાર

આવ્યો. તેને સરદારોએ હાથી પર સવારી કરવા કહ્યું. અબ્દાલિ કહે, 'એની લગામ મારા હાથમાં આપો.'

સરદારો કહે,'એ તો મહાવત અંકુશ લઈને બેઠો છે. એ હાથી ચલાવશે, તમારે તો માત્ર ઉપર બેસવાનું જ છે.'

અબ્દાલિ કહે,'જેની લગામ મારા હાથમાં ન હોય, એવા વાહન પર હું ન બેસું. મારા હાથમાં જ અંકુશ હોવો જોઈએ.'

ને અબ્દાલિ હાથી પર ન બેઠો. તેણે પોતાનો ઘોડો મંગાવ્યો ને તેના પર સવારી કરી વિજયકૂચમાં ભાગ લીધો.

આજે સત્તા પર કોઈ હોય છે ને એનો અંકુશ, લગામ બીજા કોઈના હાથમાં હોય છે. પછી સત્તા પર અંકુશ ક્યાંથી રહે ? ચારેકોર થતા બોમ્બધડાકા આવી સત્તાનું જ પ્રતીક છે.

✣ ✣ ✣

મહાભારતમાં આવતો આ પ્રસંગ છે.

મહાભારતનું યુધ્ધ ચાલી રહ્યું હતું. કૃષ્ણ અર્જુન ત્રિગર્તો સામે લડવા ગયા, તે દરમ્યાન ગુરુદ્રોણે ચક્રવ્યૂહ રચ્યો અને સાત કોઠાના યુધ્ધમાં અર્જુનનો શૂરવીર પુત્ર અભિમન્યુ મરાયો. સાંજે લડાઈમાંથી પાછા આવ્યા પછી અર્જુનને આ વાતની ખબર પડી તે યુધિષ્ઠિર પર ગુસ્સે ભરાયો કે તમે મોટાભાઈ છો તમે બધા મળીને પણ અભિમન્યુની રક્ષા ન કરી શક્યા? યુધિષ્ઠિરને ખૂબ કડવાં વેણ સંભળાવ્યા. કૃષ્ણે અર્જુનને શાંત પાડયો અને સમજાવ્યો.

હવે અર્જુનને પસ્તાવો થયો કે તેણે શું કર્યું? મોટાભાઈને દેવ સમાન માની આજ પર્યંત તેમની આજ્ઞા ઉથાપી નહોતી ને આ શું થઈ ગયું ? તેને પશ્ચાતાપ થતાં તેણે અગ્નિસ્નાનની તૈયારી કરવા માંડી કે હવે મને જીવવાનો અધિકાર નથી. હું બળી મરીશ.

કૃષ્ણ પાછો તેને સમજાવ્યો કે, જો અત્યારે યુધ્ધ ચાલી રહ્યું છે. તારી ખુબ જ જરૂર છે. હું તને પ્રાયશ્ચિત બતાવું છું. તું પોતે તારાં વખાણ કર. પોતાનાં વખાણ પોતે કરવાં એ આત્મહત્યા સમાન છે. સત્પુરુષો ક્યારેય પોતાનાં વખાણ કરતા નથી કે કરેલા સત્કર્મોની યાદી ગણાવતા નથી.

અને અર્જુને પોતાના વખાણ શરૂ કર્યા. પોતે કેવી સિધ્ધી મેળવી, પોતે કેવો મહાન ધનુર્ધર છે, પોતે કેવા કેવા શસ્ત્રો કેવી રીતે મેળવ્યાં, કેટલી સ્ત્રીઓના દિલ જીત્યાં, કેટલા શત્રુઓને હરાવ્યાં, એની ગાથા માંડી અને પોતાના પાપનું પ્રાયશ્ચિત કર્યું.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે પોતાનાં વખાણ પોતે કરવાં તે આપઘાત કે આત્મહત્યા સમાન છે.

✣ ✣ ✣


## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

**૧) પ્રકાશનનું સ્થળ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

**૨) પ્રકાશનની સામયિકતા** : માસિક

**૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** : બંકિમ રજનીકાન્ત પરીખ

**૪) રાષ્ટ્રીયતા** : ભારતીય

**૫) તંત્રીનું નામ** : બંકિમ રજનીકાન્ત પરીખ

**૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહીં)** : બંકિમ રજનીકાન્ત પરીખ

**તા.૨૧.૩.૨૦૧૯** **પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**

# સાસુ-સસરાની ગોલ્ડન એનીવર્સરીએ વહુની હીરક કવિતા

સોના કરતા પણ સુંદર છે આજનો **આ દિવસ**
આ દિવસની ઉજવણી માટે અમારુ મન હતુ ક્યારનું **વિવશ**
લગ્નજીવનના પૂરા કર્યા છે એમણે વર્ષ **પચાસ**
ઠાકોરજી એમના જીવનમાં હજુ પણ ક્યારેય આવવા ના દે **કચાસ**
શાંત અને સરળ છે જેમનો **સ્વભાવ**
અમારા કુટુંબમાં વડીલ તરીકે પડે છે એમનો **પ્રભાવ**
અમારા કુટુંબના એ છે એક એવા **મોભી**
એમની સલાહથી કરેલા કામ ઉઠે છે **શોભી**
સમાજમાં પણ છે જેમનું સારુ એવુ **નામ**
અડધી રાતે પણ ઊઠીને કરે છે એ સેવાના **કામ**
વહુને પણ દીકરીની જેમ રાખે છે અને આપે છે એવુ **માન**
એમનું અમો કરીએ છીએ દિલથી **સન્માન**
મસ્ત મિજાજના છે અમારા **મમ્મી-પપ્પા**
સાચા રસ્તા તરફ વળવા ક્યારેક આપે છે **ઠપકા**
એમના ઠપકામાં પણ છલકે છે એમની **લાગણી**
એમના જ સદ્‌ગુણોની અમે કરીએ છીએ એમા **વાવણી**
શાંત સ્વભાવના છે મારા **સાસુ**
એમને મને ક્યારેય આંખમાં આવવા નથી દીધા **આંસુ**
કુટુંબના મોતીઓને એક જ માળામાં પરોવી
રાખવાનો છે એમનો અદ્‌ભુત **ગુણ**
અમને પણ એમનામાંથી શીખવા મળે છે આવા **સદ્‌ગુણ**
એમને ખુબ જ વહાલુ છે એમના પરિવારનું **વ્યાજ**
એટલે જ અમને પહેરવા મળ્યો છે આ સફળતાનો **તાજ**
ધીરજ અને સહનશીલતા જેવા છે ગુણ એમનામાં **અનેરા**
ઠાકોરજી અમને આવા જ પ્રસંગો વારંવાર કરાવે **સુનહરા**
હળીમળીને રહેવાના વડીલોએ આપેલા છે અમને આ **સંસ્કાર**
ઠાકોરજીની કૃપાથી ક્યારેય સુનો ના પડે એમનો આ **સંસાર**
બહેનની કમી પૂરી કરે છે એવી આ મારી **દેરાણીઓ**
એમની સાથે ખૂબ મજા આવે છે કરવાની **ઉજાણીઓ (પિકનિક)**
ભાઈથી પણ વિશેષ રાખે છે એવા મારા **દિયર**
એટલે જ અમને ઘડી ઘડી જવાનુ મન ના થાય **પિયર**
સાહેલીઓ જેવી છે અમારા કુળની **દીકરીઓ**
અમારા આંગણાની છે એ ચુલબુલી **તિતલીઓ**


પ્રેમીલાબેન નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# સત્કર્મો ક્યારે કરીશું ?

✍ રાજેશ કડકીયા

ઈશ્વરની અસીમ કૃપાથી આપણને સહુને આ મહામૂલો માનવદેહ પ્રાપ્ત થયો છે. ઈશ્વરની લીલા પણ અકળ અને ન્યારી છે. જેનો ઉદય તેનો અસ્ત નિશ્ચિત જ છે. આપણે સહુ જાણીએ છીએ કે આપણે સહુએ એક નિશ્ચિત સમયે આ ફાની દુનિયાનો ત્યાગ કરી ઈશ્વરના દરબારમાં ઉપસ્થિત થવાનું છે.

આપણે સહુ મુઠ્ઠી બંધ રાખી આ દુનિયામાં પ્રવેશ્યાં હતાં અને અંતે આ બન્ને હાથની હથેળીઓ ખુલ્લી રાખીને જ દુનિયાથી દૂર-સુદૂર ચાલ્યા જવાનું છે. અનંતની યાત્રાએ એકલા-જ ચાલી નીકળવાનું છે. આપણું સર્વસ્વ ભૌતિક સંપત્તિ, સ્થાવર જંગમ મિલ્કત, સમસ્ત પરિવાર વગેરે કશુંય સાથે નથી આવવાનું.

આપણો આ નશ્વર દેહ અંતે તો આ ધરતીની માટીમાં જ મળી જવાનો છે. આપણાં આત્માની સાથે જશે તો ફક્ત આપણાં સારા-નરસા કર્મો જ અને પ્રભુના દરબારમાં જ્યારે આપણે ઉપસ્થિત થઈશું તો આપણાં સમગ્ર જીવન દરમિયાન કરેલા સારા-નરસાં કર્મોનો હિસાબ થશે તે મુજબ જ આપણને પછીનાં જીવનનો પર્યાય મળશે. આખરે આ જીવન-મૃત્યુનું ચક્ર શું છે ? શા માટે એક આમ આદમી મૃત્યુથી સતત ડરતો રહે છે. કારણ એટલું જ છે કે આપણે સહુ મૃત્યુનાં કાલ્પનીક ભયથી સતત પરેશાન હોઈએ છીએ. આપણને સહુને આ વિશેની સાચી માહિતી ન હોવાને કારણે જ આપણે સહુ આપણાં અંત સમયે મૃત્યુની અપરિચિત કલ્પનાને લીધે સતત તાણમાં રહીએ છીએ.

બદલાવવું એ પ્રકૃતિનો સામાન્ય નિયમ છે. આ જગતમાં સઘળું સતત બદલાતું જ રહે છે. આ જગતમાં કોઈપણ વસ્તુ શાશ્વત નથી જ નથી. આજે જે ચીજ લોકપ્રિય છે તે આવતી કાલે લોકોનો રસ-પ્રકૃતિ બદલાતા કાળનાં વિષચક્રમાં અદશ્ય થઈ જાય છે. કોઈપણ વ્યક્તિ આજીવન લોકપ્રિય કે અમર રહેતી નથી. અમર રહે છે ફક્ત તેના સારાં-નરસાં કર્મો જ.

આપણે એમ વિચારીએ કે ઘડપણ વખતે હું અમુક-અમુક કાર્ય કરીશ કે મારાં મૃત્યુ બાદ મારાં પરિવારજનો મારી પાછળ કોઈક સત્કાર્ય કરશે તો તે વાતમાં કદાપિ કોઈ સત્ય નથી.જે કરવું હોય તે આપણે ફક્ત આપણી હયાતી દરમ્યાન જ કરવું રહ્યું. કારણ આપ મૂએ પછી દુનિયા ડૂબ ગઈ-રાત ગઈ બાત ગઈ.

✣ ✣ ✣

# આગ લાગે ત્યારે કૂવો ખોદવા ના જવાય

વ્યક્તિ ઘણી વખત જીવનમાં સામે આવતી મુશ્કેલીઓ જોઈ શકતો હોય છે પરંતુ તે બેદરકાર બને છે અને જ્યારે મુશ્કેલી સામે આવે ત્યારે બેબાકળો બની ઉતાવળમાં તેના માટે પગલા ભરવા પ્રયત્ન કરે છે. પરિણામે તે ઘણી વખત નિષ્ફળતા અનુભવે છે અથવા હેરાન થાય છે. આનાથી તે નાસીપાસ બને છે અને તનાવ અનુભવે છે તથા સમયનો પણ બગાડ કરે છે. તનાવમાં ઘણી વખત પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવી ક્રોધ કરે છે અને પ્રશ્ન વધારે ઉલઝાવે છે. ઓફિસ કે ઘરમાં ઘણી વખત ઈલેક્ટ્રિક ફ્યૂઝ ઊડી જાય છે. આ સામાન્ય ઘટના છે પરંતુ ફ્યૂઝ માટેનો વાયર કે તૈયાર ફ્યૂઝ ઘણી ઓછી ઓફિસમાં હાથવગો હોય છે. પરિણામે છેલ્લી ઘડીએ દોડાદોડી કરવામાં આવે, પરિણામે અગત્યના કામ બગડે અને ગ્રાહકો પણ હેરાન થાય. હોસ્પિટલ જેવી જગ્યાએ તો જીવન-મરણનો પ્રશ્ન બની શકે છે. અકસ્માત દરરોજ થતા નથી અથવા તકલીફો દરરોજ આવતી નથી પણ જે તકલીફો સામાન્ય હોય, તે આવી સકે તેમ હોય તો તેના માટે અગમચેતી શા માટે ના રાખવી ? ઘણા કોમ્પ્યુટર માટે યુ.પી.એસ. લગાવે છે પરંતુ તેની બેટરીનું ટર્મિનલનું ધ્યાન રાખવામાં આવતું નથી અને યુ.પી.એસ. અગત્યના સમયે કાર્ય ના કરે તેવું બને છે. આજ વસ્તુઓ સરકારી નિયમોને આધીન ભરવા પડતા પત્રકોમાં પણ બને છે. દરેકને ખબર હોય છે કે અમુક પત્રક ભરવાનું હોય છે પરંતુ છેલ્લી તારીખ સુધી રાહ જોવાય છે. છેલ્લા દિવસે મુશ્કેલી આવતાં તનાવ અનુભવાય છે. આવું જ આપણા સ્વાસ્થ્ય માટે કરીએ છીએ. વ્યક્તિને સતત ખાસી રહેતી હોય, વજન ઓછું થતું હોય છતાં તે તેની પરવા કરતી નથી અને જ્યારે રોગ વકરી જાય ત્યારે દોડાદોડી કરે છે.

મિત્રો, સમજપૂર્વક કામનું આયોજન કરશો, અગમચેતી વાપરીને વર્તશો તો તમે ઘણી મુશ્કેલીઓમાંથી ઊગરી જશો અને સમય, પૈસા તથા મહેનતની બરબાદીમાંથી બચી જશો.

# શ્રી બાલાસિનોર દશાનીમા વણિક સમાજનું ગૌરવ

## શ્રીમતી દિપીકા ચંદ્રકાન્ત ધારીઆ



શ્રીમતી દિપીકા ધારીઆ

શનિવાર, તા. ૨-૨-૨૦૧૯ની ગૌરવવંતી સાંજે જવાહર નાગર સોસાયટી ગ્રાઉન્ડ, ગોરેગામ (પશ્ચિમ) ના ભવ્ય સ્ટેજ પરથી સમગ્ર વાતાવરણમાં ખુશીનો રણકાર ગુંજી ઉઠે છે. આપણી બાલાસિનોરની દિકરી શ્રીમતી દિપીકા ચંદ્રકાન્ત ધારીઆ જે છેલ્લા ૨૫ વર્ષથી સ્ત્રી નિકેતન (ગોરેગામ) સંસ્થાનું પ્રમુખપદ શોભાવે છે.

સ્ત્રી નિકેતનના રજત જયંતી મહોત્સવ નિમિત્તે હરખતા હૈયે તેમના મુખેથી શબ્દો રેલાય છે....

પાણી કમળથી, રાત પૂનમના ચંદ્રથી, સ્ત્રી સતચરિત્રથી, ઘોડો વેગ વડે, મંદિર નિત્યના ઉત્સવથી, વાણી વિનય થકી, સભા પંડિતોથી, કુટુંબ સારા પુત્રથી અને ત્રણે લોક વિષ્ણુથી શોભાયમાન છે. તેમ આ મારી સંસ્થા આપણી સર્વ બહેનોના સાથ-સહકારથી શોભે છે.

પરમાત્મા પાસેથી ચાહી હતી અસીમ કૃપા... મળી કમિટી બહેનો પાસેથી. ચાહી હતી કાર્યદક્ષતા... મળી સભ્ય બહેનો પાસેથી, ચાહી હતી ચાહના... મળી દાતાઓ પાસેથી, ચાહી હતી ઉદારતા.... મળી સ્નેહી તથા હિતેચ્છુક મહાનુભાવો પાસેથી, ચાહી હતી સરાહના... મળી...

શું એ કહેવાની જરૂર છે કે..... અમને મળી છે એમાં લખલૂટ સફળતા. આપ સૌનો સ્નેહ મળ્યો, સાથ મળ્યો, સહકાર મળ્યો, એટલે જ ૨૨૦૦ મહિલા મેમ્બરની આ સંસ્થા આટલી સધ્ધર અને સ્થિર બની રજત જયંતિના શિખરને આંબી શકી છે. ૨૫ વર્ષથી ચાલી રહેલી અમારી સંસ્થા ગોરેગામના ઈતિહાસમાં અમર રહેશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

### સ્ત્રી નિકેતને સર કરેલા સોપાનો

૧. સ્વમાનભેર મહેનત કરી ઘેર બેસી ગૃહઉદ્યોગ ચલાવતી બહેનો માટે દર વર્ષે પ્રદર્શનનું આયોજન કર્યું.

૨. અમારી સંસ્થાની આર્થિક મર્યાદામાં રહીને નોટબુક વિતરણ, ગણવેશ વિતરણ જેવી યોજનાઓ કરી.

૩. સંસ્થાની એનીવર્સરીએ વૃધ્ધાશ્રમ તથા બાળકોને જમાડવા અને કપડાનું વિતરણ કર્યું.

૪. ઠંડીમાં ઠુંઠવાતા રસ્તા પર સૂતા ગરીબોમાં ધાબળા વિતરણ કર્યા.

૫. લગભગ ૧૦ થી ૧૨ વર્ષ (ચંદ્રકાન્તભાઈ દવેના સહકારથી) ફ્રી કેન્સર કેમ્પ યોજયા.

૬. તે ઉપરાંત આયુર્વેદ કેમ્પ, પ્રાણીક હીલીંગ કેમ્પ, કીડની કેમ્પ, હોમિયોપેથ કેમ્પ યોજયા.

૭. રજત જયંતિ નિમિત્તે હવેલી અને દેરાસરમાં પણ સ્ત્રીનિકેતન તરફથી ફાળો નોંધાયેલ છે.

૮. શ્રી દિલીપભાઈના પ્રયાસો થકી જ અખૂટ કાર્યક્ષમતા ધરાવતી સ્ત્રીનિકેતન સંસ્થાને મહાનગર પાલિકા તરફથી જવાહરનગર રોડ નં.૧૨ ને ‘સ્ત્રીનિકેતન પથ’ તરીકે જાહેર કરીને સ્ત્રીશક્તિને સાચા અર્થમાં સન્માનિત કરેલ છે.

૯. તે ઉપરાંત સ્પર્ધાઓ, પર્યટનો, મનોરંજક કાર્યક્રમ, કુકરી શો, ઉત્સવોની ઉજવણી જેવા વિવિધલક્ષી કાર્યક્રમનું પણ આયોજન કરેલ છે.

૧૦. ફાલ્ગુની પાઠક, સુદેશ ભોંસલે, મિલન સિંહ,


શ્રીમતી નીતાબેન રાજેન્દ્ર મોદી (પેપરવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

અમી ત્રિવેદી, અપરા મહેતા, દયા, સનત વ્યાસ, સુજાતા મહેતા, ભાગ્યશ્રી, સાધના સરગમ જેવી સેલીબ્રેટીને માણવાના અવસર પણ સ્ત્રીનિકેતને આપ્યા છે.

સ્ત્રીનિકેતન સંસ્થાની સફળતાની આધારસ્તંભ એવી ૧ ૭ કમિટીની બહેનો માટે કહેવું પડે....

**'યુંહી નહીં આતી ખુબસુરતી રંગોલી મેં**
**અલગ અલગ રંગોકા એક હોના પડતા હૈ**
**ઔર**
**અગર શહદ જૈસા મીઠા પરિણામ ચાહિએ તો**
**મધુમખ્ખીઓ કી તરહ એક જુટ રહના પડતા હૈ'**

રજત જયંતિ સમારોહના ચમકતા તારલા એટલે સમારંભના પ્રમુખ શ્રીમાન એડવોકેટ અમીતભાઈ મહેતા, લક્ષ્મીદેવી ડેવલપર્સ (લક્ષ્મીગ્રુપ) ના શ્રીમાન પ્રવિણભાઈ કોઠારી, બાળવિકાસ અને મહિલા વિકાસ ના રાજ્યમંત્રી શ્રીમતી વિદ્યા ઠાકુર, સામાજીક કાર્યકર શ્રી અશોકકુમાર શકરાલાલ શાહ, ગોરેગામ (પશ્ચિમ) બોર્ડ ક્રમાંક ૫૫ ના નગરસેવક શ્રી હર્ષ ભાર્ગવ પટેલ, જવાહરનગર જૈન સંઘના ટ્રસ્ટી શ્રી ઈન્દ્રવદનભાઈ સંઘવી, બિલ્ડર-ડેવલપર શ્રી અમોલ જી. કિર્તીકર, માજી નગરસેવક, માજી ચેરમેન, BEST મુંબઈ, માજી ઉપ મેયર અને ગોરેગામના લાડીલા એવા શ્રી દિલીપભાઈ પટેલ. સૌની ઉપસ્થિતિ, સહૃદયતા, સહકારથી ચોમેર આનંદ-પ્રસન્નતા છવાયા હતા.

આપણા સર્વ માટે એ ગર્વ છે કે સતત ૨ ૫ વર્ષ સુધી પ્રમુખપદ શોભાવી શ્રીમતી દિપીકાબેને અલગ અલગ સમાજની બહેનોને એક તાંતણે રાખી તેમના ઉત્કર્ષ અને ઉત્થાન માટે આ સંસ્થા દ્વારા ભગીરથ કાર્ય કર્યા. જેમાં તેઓને સમાજના બધા જ વર્ગનો બહોળો સહકાર સાંપડયો. રજત જયંતી વર્ષ નિમિત્તે ખાસ અભિનંદન, અંતરની શુભેચ્છા કે તમારી આ સંસ્થા સુવર્ણ જયંતી પણ રંગેચંગે ઉજવે. ✣ ✣ ✣

# જ્ઞાન-વિજ્ઞાન અને અંતરજ્ઞાન (આત્મજ્ઞાન)

✍ કિરીટ ધારીઆ

ભગવાને ગીતામાં કહ્યું છે કે જ્ઞાન ગુહ્ય છે અને મને તત્વથી સમજો. તત્વનો અર્ક જેમ ગુલાબમાં સુક્ષ્મ રીતે સુવાસ રહેલી છે તે દેખાતી નથી, અનુભવાય છે, બતાવી શકાય નહિ. તેથી ઈશ્વર સુક્ષ્મ રૂપમાં છે. વિજ્ઞાન બે પ્રકારનું છે. સુક્ષ્મ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન. સુક્ષ્મનું રૂપાંતર એજ ભૌતિક છે, દેખાડી શકાય નહી. જેમ વિજ્ઞાની વીજ બતાવી શકતો નથી અને નરી આંખે દેખાતી નથી. ઋષિમુનીઓ એમનાં જમાનાના વિજ્ઞાનીઓ હતા. મંથન કરતા સમજાયું કે કોઈ એવી ચૈતન શક્તિ છે. આ શક્તિ અવિનાશી-અવિચળ-અરૂપ વહેતી શક્તિ છે. એટલે ઈશ્વર એક ચેતન શક્તિ છે. જેનું સર્જન આ બ્રહ્માંડ છે. સ્વયં સત્ય એ જ આત્માની ઓળખ. આપણું નામધારી શરીર, આપણને ચલાવનાર કોઈક જીવન શક્તિ-પ્રાણશક્તિ છે. તેને આત્માના નામે ઓળખીએ છીએ. એટલે અદશ્યમાંથી આવ્યા છીએ અને મૃત્યુ પછી પાછા અદ્દશ્યમાં જવાનું છે. જ્ઞાન સ્વયં છે અને સ્વયં જ પેદા થાય છે. ઋષિમુનિઓના એક એક વાક્યમાં સુક્ષ્મ જ્ઞાન વિજ્ઞાન સમાયેલું છે. યથાપિંડે તથા બ્રહ્માંડે, જ્ઞાનને તત્વથી સમજી જુઓ. આપણે જ્ઞાનની ખાલી વાત કરીએ એ યોગ્ય નથી. સંસારમાં પૂરા સંસારી બની જીવવું એ માયા, પ્રાણ એ જ પરમેશ્વર. પ્રાણને શોધવા ચિંતનરૂપી મનની લેબોરેટરીમાં ઉતરવું પડે.

ચૈતન્યશક્તિ મા:ચિત્ સિધ્ધથી ભૌતિક પદાર્થ લેવો પડતો નથી. બધા જ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેદ્રિયો લઈને જન્મે છે એટલે જ માનવ પ્રકૃતિ સ્વભાવ વિશ્વવ્યાપી હોય તો ધર્મો જુદા કેમ? ગીતામાં ભગવાને જવાબ આપેલો કે આત્માને શબ્દો છેદી શકતા નથી, પવન સુકવી શકતો નથી, વ્યક્તિ ફરીથી મર્યા પછી જીવંત રહી શકતો નથી કારણ કે ચૈતન શક્તિ, જીવનશક્તિ, પ્રાણશક્તિ સ્વયં સિધ્ધ છે અને સૂક્ષ્મ છે. આત્માને ઓળખવો હોય તો સ્વને ઓળખવું પડે આ જ્ઞાન ગુહ્ય છે તેને તત્વથી સમજવું પડે.

માણસમાં ત્રણ ભાવ, તેમ જ સ્વભાવમાં ત્રણ ગુણ છે. સાત્વિક, રાજસિક અને તામશિક રહેલા છે. સાત્વિકભાવ એટલે શુધ્ધ ભાવ, રાજસિક ભાવ એટલે બદલાની ઈચ્છા અને તામસ ભાવ વગર ઈચ્છાથી થતો ભાવ. જ્યાં સુધી સ્વયંમાંથી પેદા નહી થાય. યા સમજ નહિ આવે ત્યાં સુધી ધર્મ અને જ્ઞાન સ્વયમ નહી થાય. માનવ સિવાય વિશ્વની બધી જ ઉત્પત્તિ પોતાનો ધર્મ જાણે છે. ભગવાને માણસને બુદ્ધિ સદ્ઉપયોગ કરવા આપી છે અને એક પુરુષમાં એક સ્ત્રી છે અને એક સ્ત્રીમાં એક પુરુષ છે. ધર્મ નહી, સ્વભાવ જ એકબીજાને વેર કરાવે છે. ઋષિઓએ કહ્યું છે 'વસુદૈવ કુટુંબમ્' બધા એક માળાના મણકા છે. સાકરનો ગુણ આકાર આપવાથી બદલાતો નથી તે સનાતન છે. સ્વભાવ ઉપર જે કાબુ મેળવે તે સંત બની જાય. એક વખત સ્વ થી સ્વ ની ઓળખ થઈ જાય તો જગત દાંભિક લાગે. ટુંકમાં પ્રાણ એ આત્મા છે અને જેનાથી ચાલે છે તે પરમાત્મા છે અને આ જ્ઞાન આત્મજ્ઞાન છે.

જ્ઞાન, ભક્તિ અને કર્મ આ ત્રણ ધર્મના મહત્વના તત્વો છે. માનવ જીવનને સુધારીને સારુ અને સંસ્કારી બનાવી સંસ્કાર આવવાથી, જન્મ મરણ દેહને છે, આત્માને નહી તે સમજાય છે.


એક શુભેચ્છક ના જે જે શ્રી ગોકુલેશ

# દેશનો મિજાજ ગરમ છે !!!




## એ મેરે પ્યારે વતન

એ મેરે પ્યારે વતન એ મેરે બિછડે ચમન
તુઝ પે દિલ કુરબાન..... એ મેરે પ્યારે વતન
તૂ હી મેરી આરજૂ તૂ હી મેરી આબરુ
તૂ હી મેરી જાન..... એ મેરે પ્યારે વતન
તેરે દામન સે જો આયે ઉન હવાઓં કો સલામ
ચૂમ લૂં મૈં ઉસ જૂબાં કો જીસ પે આયે તેરા નામ
સબસે પ્યારી સુબહ તેરી સબસે રંગી તેરી શામ,
તુઝ પે દિલ કુરબાન..... એ મેરે પ્યારે વતન
માં કા દિલ બનકે કભી સીને સે લગ જાતા હૈ તૂ
ઔર કભી નન્હી સી બેટી બન કે યાદ આતા હૈ તૂ
જિતના યાદ આતા હૈ મુઝકો ઉતના તડપાતા હૈ તું,
તુઝ પે દિલ કુરબાન..... એ મેરે પ્યારે વતન
છોડકર તેરી જમીં કો દૂર આ પહુંચે હૈં હમ
ફિર ભી હૈ યહી તમન્ના તેરે જર્રોં કી કસમ
હૈ જહાં પેદા હુએ હૈ ઉસ જગહ હી નિકલે દમ
તુઝ પે દિલ કુરબાન..... એ મેરે પ્યારે વતન

## એ મેરે વતન કે લોગોં

એ મેરે વતન કે લોગોં, તુમ ખૂબ લગાઓ નારાં;
યે શુભ દિન હૈ હમ સબ કા, લહરાઓ તિરંગા પ્યારા.
પર મત ભૂલો સીમા પર, વીરોં ને હૈં પ્રાણ ગંવાએ;
કુછ યાદ ઉન્હેં ભીં કરલો, જો લૌટ કે ઘર ન આયે.
એ મેરે વતન કે લોંગો, જરા આંખ મેં ભર લો પાની;
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.
જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી;
જબ તક થી સાંસ લડે વો, ફિર અપની લાશ બિછા દી.
હો ગયે વતન પે નિછાવર, વો વીર થે કિતને ગુમાની;
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.
જબ દેશ મેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી;
જબ હમ બૈઠે થે ઘરોં મે, વો ઝેલ રહે થે ગોલી.
થે ધન્ય જવા વો અપને, થી ધન્ય વો ઉનકી જવાની;
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.
શેરોં કી ઝપટે થે, ભારત કે બહાદુર બેટે;
ઈસ મુલ્ક કી લાજ બચાને, મર ગયે બર્ફ મેં લેટે.
સંગીન પર ધર કર નાથા, સો ગયે વીર બલિદાની;
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.
કોઈ શીખ, કોઈ જાટ, મરાઠા, કોઈ ગુરખા કોઈ મદ્રાસી,
સરહદ પર મરનેવાલા, હરવીર થા ભારતવાસી.
જો ખૂન ગીરા પર્વત પર, વો ખૂન થા હિંદુસ્તાની;
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.
થી ખૂન સે લથપથ કાયા, ફિરભી બંદૂક ઉઠા કે,
દસ દસકો એકને મારા, ફિર ગીર ગયે હોશ ગવાં કે,
જબ અંત સમય આયા તો.....
કહે હયે કિ અબ હમ મરતેં હૈ;
ખુશ રહેના દેશ કે પ્યારોં, અબ હમ તો સફર કરતે હૈ;
તસ્વીર નયન મેં ખીંચી, ક્યા લોગ થે વો અભિમાની;
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.

**મુખપૃષ્ઠ કવિતા ✍ સતીશચંદ્ર ભી. પરીખ (રોકડિયા)**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## એપ્રિલ મહિનાનો કાર્યક્રમ

**તારીખ** : ૧૩ એપ્રિલ ૨૦૧૯, શનિવાર
**સ્થળ** : શારદા મંદિર સ્કૂલ (લોઢા હૉલ)
**સમય** : બપોરે ૨.૩૦ કલાકે

## ‘હાઉસી’

રમાડવામાં આવશે.

આ કાર્યક્રમના પાસ રૂા. ૧૦૦/- લઈ તા. ૨ જી એપ્રિલ મંગળવાર ના રોજ બપોરે ૩ થી ૪ માં સંસ્થાની ઓફીસમાં આપવામાં આવશે અથવા ૨ જી એપ્રીલ પહેલા કમિટી બહેનોને રૂા. ૧૦૦/- આપી લઈ શકાશે.

## ‘લવાજમ’

વર્ષ ૨૦૧૯-૨૦ નું લવાજમ રૂા. ૨૦૦/- તા. ૨ જી એપ્રિલ ૨૦૧૯ ના રોજ લેવામાં આવશે અથવા તે પહેલા કમિટી બહેનો ને પણ આપી શકાશે.

**મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - કૃપા દેસાઈ (તા. ૧-૪-૨૦૧૯ થી)**

**મો. - ૯૮૧૯૫૭૧૯૮૪**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Mayur Trading Corporation, ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭ /૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**

# અમો આભારી છીએ...

## જ્યોતિપુંજમાં આપની અમૂલ્ય જાહેરાત આપવા બદલ...

સહર્ષ જણાવવાનું કે બાલાસિનોરના સર્વ મંડળો અને તેમના હોદ્દેદારો, કમિટી મેમ્બરોએ સક્રિય રસ લઈને જ્યોતિપુંજમાં આપેલી જાહેરખબર માટે અમે આપ સર્વના આભારી છીએ. ઉપરાંત સર્વ બાલાસિનોર વાસીઓ ઉમદા હૃદય રાખીને આખા વર્ષ દરમ્યાન માટે તેમ જ મહિના માટે જે જાહેરખબર તથા જે જે શ્રી ગોકુલેશની શુભેચ્છા પાઠવે છે તેઓના સહકાર બદલ આભાર.

વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન જ્યોતિપુંજ માટે જાહેરાત મળી છે તેમના નામની યાદી નીચે મુજબ છે.

**ફુલ પેજ-૧૨**

૧) ઈસન ઈલેક્ટ્રીક એન્ટરપ્રાઈઝ
૨) શાહ એન્ડ શાહ એન્ટરપ્રાઈઝ
૩) સેલવેલ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ
૪) એમ.સી. મોદી એન્ડ બ્રધર્સ
૫) રાલસન ઈન્ટરનેશનલ
૬) હાર્દિક સુથાર અને નલીન સુથાર
૭) બિનીતા હાર્ડવેર સ્ટોર્સ
નોવાટેક ઈલેક્ટ્રો એન્જીનીયર્સ પ્રા.લિ.,
૮) પુષ્ટી ઈલેક્ટ્રીકલ્સ પ્રા.લિ.
૯) લાલસન
૧૦) પ્રભાત કેબલ્સ પ્રા.લિ.
૧૧) ડી.પી. ઝવેરી જવેલ
૧૨) સ્વેતા ઈલેક્ટ્રીક કોર્પોરેશન

**હાફ પેજ – ૪**

૧) ગોપાલ જયંતીલાલ ભટ્ટ (ગોર)
૨) એસ. આર. મોદી - શ્રી લાઈટ કોર્પોરેશન
૩) મેલોડિયસ કેક એન્ડ ચોકલેટ્સ
૪) ડૉ. સ્પિના મહેતા ચોકસી

**ક્વાટર પેજ – ૫**

૧) શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
૨) ક્રીષ ઈન્ટીરીયરર્સ
૩) ઈન્ડીયન ફોટો
૪) ભરત ડોસા
૫) નિરવ ફોટો આર્ટસ્

કવર પેજ (બેક ઈન) - ૧
૧) મેચવેલ ઈલેક્ટ્રીક કંપની
કવર પેજ (બેક-આઉટ) - ૧
૧) અનુકુલ સીલેક્શન
જે જે શ્રી ગોકુલેશ શુભેચ્છા - ૨૧

૧) સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોક્સી)
૨) શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા)
૩) સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લક્ષ્ઠાપારેખ)
૪) શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા)
૫) સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા)
૬) શ્રીમતી લતાબેન શૈલેશકુમાર શાહ (શહેરાવાળા)
૭) પ્રેમીલાબેન નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા)
૮) સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીયા
૯) સ્વ. લીનાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા)
૧૦) શ્રીમતી નીતાબેન રાજેન્દ્ર મોદી (પેપરવાળા)
૧૧) શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)
૧૨) સ્વ. ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ
૧૩) સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા)
૧૪) એક શુભેચ્છક
૧૫) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ
૧૬) શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી
૧૭) શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા)
૧૮) શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી
૧૯) મનીષા નિમીશ શાહ (ઉજળાવાળા)
૨૦) શ્રી પંકજ શાંતીલાલ પરીખ (જુનાગઢવાળા)
૨૧) સર્વે બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

આગામી વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં આપ સર્વ જે જાહેરખબર આપશો તેની વિગત. ડિઝાઈન વગેરેમાં જે ફેરફાર કરવા હોય તો જે ખરેખર ખર્ચ થશે (પ્રેસના બીલ પ્રમાણે) તે લેવામાં આવશે.

ભવિષ્યમાં પણ આપ સૌ આવો સુંદર સહકાર આપતા રહેશો.

ધન્યવાદ.

❋ ❋ ❋



# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઈ.**

આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.

**૧) ગ્રુપ નં. - ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (A-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરી મનગમતા રંગ પુરવા. જ્યોતિપુંજ માર્ચ ૨૦૧૯ના પાના નં. ૨૩. પર દોરેલા ચિત્રોનો આધાર લઈ શકાશે. (વિષય નંબર - ૧, ૨, ૩ માટે)

**વિષય** : (૧) ફન એન્ડ ફેર (૨) મને ગમતા પક્ષીઓ (૩) માછલીઘર - માછલીઓની દુનિયામાં તરવું મને ગમે છે. (૪) હેન્ડ બેગ - થેલામાં ડિઝાઈન (૫) ભાઈ બહેન (૬) દીવા - લેમ્પ - લાઈટ

**૨) ગ્રુપ નં. - ૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (A-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરી મનગમતા રંગ પુરવા.

**વિષય** : (૧) માખણ ચોર - નંદ કિશોર (૨) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી (૩) પાઘડી/ ટોપી / ફેંટામાં ડિઝાઈન (૪) મહાસંગ્રામ - હવે તો યુધ્ધ એ જ કલ્યાણ (૫) જીમ્નેશ્યમનું દૃશ્ય (૬) મારી શાળા (સ્કૂલ)

**નિયમો :**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.


૨) ચિત્ર પર કંઈ જ લખવું નહિ. પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, બાળકનું આખું નામ, પિતાનું આખું નામ, ખીજ, ઉંમર, ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.


૩) વિગત લખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસિઝ, ૫૯, નંદભવન, રૂમ નં.-૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨, સમય : બપોરના ૧૧ થી સાંજના૭.

૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૧૯ સુધી અમને મળી જવું જોઈએ.


૫) બંને ગ્રુપના પ્રથમ, દ્વિતિય, તૃતિય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.


૬) સંઘના હોદ્દેદારો તથા તંત્રીમંડળના નિર્ણાયો બધી બાબતમાં આખરી ગણાશે.


PIRATE









# મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય

**(ઈ.સ. ૧૪૭૯-૧૫૩૨)**

કાશીમાં રહેવું હવે સલામત નથી એવું સાંભળી બ્રાહ્મણોનું એક જૂથ દક્ષિણ ભારત તરફ જઈ રહ્યું હતું. મધ્ય પ્રદેશમાં રાયપુર પાસે આવેલા ચંપારણ્યમાંથી તેઓ પસાર થઈ રહ્યા હતા, તેવામાં એક સ્ત્રીએ વનમાં જ એક વૃક્ષ હેઠળ એક બાળકને જન્મ આપ્યો. તે વખતે અંધારી રાત હતી અને ઘોર અંધારુ હતું; પુરુષ વર્ગ આગળ નીકળી ગયો હતો અને બાઈ એકલી હતી. અંધારામાં તેને લાગ્યું કે બાળક જીવિત નથી. એટલે એણે એને સૂકા પાંદડાંથી ઢાંકી એ વૃક્ષની બખોલમાં મૂકી દીધું. પછી તે પતિને આવી મળી. બંનેએ બાજુના ગામમાં રાત કાઢી. એ રાતે જ સમાચાર આવ્યા કે કાશીમાં હવે કોઈ ભય નથી, એટલે પતિ પત્નીએ પાછા કાશી જવાનો નિશ્ચય કર્યો - તેઓ એ જ વનમાં થઈને નીકળ્યાં. જોયું તો વૃક્ષની બખોલમાં બાળકને મૂક્યો હતો તેની આસપાસ અગ્નિની જ્વાળાઓ લપકતી હતી. એકદમ બાઈ દોડી. અગ્નિએ એને માર્ગ આપ્યો અને એ બાળકની પાસે પહોંચી ગઈ. જોયું તો બાળક જીવતો હતો અને આનંદથી પગનો અંગૂઠો ધાવતો હતો ! બાઈએ બાળકને વહાલથી ઊંચકી લઈ છાતી સરસો ચાંપ્યો. એની આંખોમાંથી હર્ષાશ્રુની ધાર વહી ચાલી.

હવે પતિપત્ની સમજ્યાં કે અગ્નિજવાળાઓ દેખાતી હતી તે બાળકના રક્ષણ માટેની દૈવી યોજના હતી. એમને ખાતરી થઈ કે આ કોઈ સાધારણ બાળક નથી. તેમના કુળમાં છ પેઢીથી સોમયજ્ઞ થતા હતા, અને છેલ્લો સોમો સોમયજ્ઞ થોડા વખત પર જ એમણે કાશીમાં પૂર્ણ કર્યો હતો. પતિપત્નીએ માન્યું કે આ બાળક એ સો સોમયજ્ઞનું ફળ છે.

આ બાળક તે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી. તેમનો જન્મ સંવત ૧૫૩૫ના ચૈત્ર વદ અગિયારસે થયો હતો. ઈ.સ. ૧૪૭૯. કેટલાક સંવત ૧૫૨૯માં એ જ તિથિએ જન્મ થયાનું માને છે. એમના પિતાનું નામ લક્ષ્મણ ભટ્ટ અને માતાનું નામ ઈલ્લામાગારુ. લક્ષ્મણ ભટ્ટ દક્ષિણ ભારતના તેલંગ પ્રદેશમાં વિદ્વાન બ્રાહ્મણ હતા, તેમનાં પત્ની ઈલ્લમાગારુ વિજયનગરના વિદ્વાન રાજપુરોહિત સુશર્માની પુત્રી હતાં. તેઓ યજ્ઞયાગ માટે કાશી ગયાં હતાં અને પછી વિદ્યાવ્યાસંગને લીધે ત્યાં જ રોકાઈ ગયાં હતાં.

લક્ષ્મણ ભટ્ટ અને ઈલ્લામાગારુ નવજાત બાળકને લઈને પાછાં કાશી આવ્યાં. તેમણે બાળકનું નામ વલ્લભ પાડયું. વલ્લભ આઠ વર્ષનો થતાં તેને જનોઈ દેવામાં આવી, પણ તે પહેલાં જ તેમણે સંસ્કૃત ભાષામાં સારુ પ્રાવીણ્ય મેળવી લીધું હતું. યજ્ઞોપવિત પછી વેદાધ્યયન શરૂ થયું અને એમાં એ ઝડપથી આગળ વધ્યો. મોટા મોટા પંડિતો પણ એની પ્રતિભા જોઈ ચક્તિ થતા હતા. આવડી નાની ઉંમરે પણ એ કાશીની વિદ્વદ્સભાઓમાં જતો અને ત્યાં થતી ચર્ચાઓ સાંભળતો. એ બધું સાંભળીને અને તેના પર વિચાર કરીને એણે પોતાના સિદ્ધાન્તો તારવ્યા અને પછી એ ચર્ચાઓમાં એણે ભાગ લેવા માંડયો. અત્યાર સુધી આવી ધર્મચર્ચાઓમાં વેદ, ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્રને પ્રમાણ તરીકે લેવામાં આવતાં હતાં, શ્રી વલ્લભે એમાં શ્રીમદ્ ભાગવતનો ઉમેરો કર્યો, એટલું જ નહિ, ચારેમાં ભાગવતને તેમણે સૌથી મોટું પ્રમાણ ગણ્યું. કારણ ગાયત્રી એ બી છે, વેદ એ વૃક્ષ છે અને ભાગવત એ વૃક્ષનું ફળ છે. એટલે વૃક્ષની ઓળખ માટે ફળનું સ્થાન પહેલું. દ્વૈતઅદ્વૈતના પરસ્પર ખંડનમંડનની ચર્ચાઓનો અંત આણવા તેમણે શુદ્ધ અદ્વૈત (શુદ્ધાદ્વૈત) ની સ્થાપના કરી દ્વૈત-અદ્વૈતનો સુંદર સમન્વય સાધી આપ્યો. વિદ્વાનોએ એમને ‘વાક્પતિ’ અને ‘બાલ સરસ્વતી’ કહી સંબોધ્યા.

આ વખતે તેમની ઉંમર અગિયાર વર્ષની હતી - કેટલાકના મતે સોળ વર્ષની. શ્રી વલ્લભ જગન્નાથપુરી આવ્યા. ત્યાં શંકરાચાર્યના મતવાળાઓનું જોર વધારે હતું. ભગવાન જગદીશના મંદિરમાં શાસ્ત્રાર્થ થયો. રાજાએ ચાર પ્રશ્ન પૂછ્યા : ‘કોઈ એક શાસ્ત્રને માનવું હોયતો કયું શાસ્ત્ર માનવું ?’ અર્થાત સૌથી મોટું શાસ્ત્ર કયું ? ‘કોઈ એક દેવને ભજવો હોય તો કયા દેવને ભજવો ?’ અર્થાત સૌથી મોટા દેવ કોણ ? ‘સૌથી મોટો મંત્ર કયો અને સૌથી ઉત્તમ કર્મ કયું ?’ શ્રી વલ્લભે ભક્તિમાર્ગને અનુરૂપ આ પ્રશ્નોના જવાબ આપ્યા, પણ સામા પક્ષવાળાએ તેને સ્વીકાર ન કર્યો, અને એક વિચિત્ર દરખાસ્ત કરી. તેમણે કહ્યું : જગદીશ પ્રભુ તમારો આ જવાબ સ્વીકારે તો સાચું !’ તેમને મનમાં ખાતરી હતી કે ભગવાન કંઈ લખીને જવાબ આપવાના નથી;

જગન્નાથ ભગવાનને હાથ જ ક્યાં છે? એટલે આપણે વલ્લભને હારેલો જાહેર કરી દેશું. તે પછી રાજાઓ કોરો કાગળ અને ખડિયો કલમ મંદિરમાં મૂકી બારણાં બંધ કરી દીધાં ને બારણે ચોકી બેસાડી. નક્કી કરેલા સમયે રાજાની અને બંને પક્ષના આગેવાનોની હાજરીમાં મંદિરનાં દ્વારા ખોલવામાં આવ્યાં, તો કાગળ ઉપર નીચેનો શ્લોક લખેલો દેખાયો; સૌ સાંભળે તેમ રાજાએ તે મોટેથી વાંચ્યો.

**एकं शास्त्रं देवकीपुत्रगीतं एको देवो देवकीपुत्र एव!**

**मन्त्रोप्येकस्तस्य नामानि यानि कर्मप्येकं तस्य देवस्य सेवा !**

(સૌથી મોટું શાસ્ત્ર દેવકીપુત્રે ગાયું તે - ભગવદ્ ગીતા. સૌથી મોટા દેવ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ. સૌથી મોટો મંત્ર શ્રીકૃષ્ણનાં નામ અને સૌથી મોટી સેવા શ્રીકૃષ્ણની સેવા.)

હવે વિરોધીઓના હાથ હેઠા પડયા.

શ્રી વલ્લભ હજી પુરીમાં જ હતા. એકાદશીએ તેઓ ઉપવાસ કરતા હતા. એ સૌ જાણતું હતું. એમનું એ વ્રત તૂટે અને એમની હાંસી થાય એવી એક હિતશત્રુએ યુક્તિ કરી. શ્રી વલ્લભ મંદિરમાં ભગવાનની સ્તુતિ કરતા હતા, તેવે વખતે એણે એમના હાથમાં ભગવાનનો મહાપ્રસાદ મૂકી દીધો. જો શ્રી વલ્લભ એ મહાપ્રસાદનો સ્વીકાર કરે તો એમનું ઉપવાસનું વ્રત તૂટે અને જો અસ્વીકાર કરે તો ભગવાનના પ્રસાદની અવગણના કરી ગણાય. શ્રી વલ્લભ વિરોધીઓના મનની વાત પામી ગયા. તેમણે જગદીશ-સ્તુતિ ચાલુ રાખી અને એ સ્તુતિ પૂરી થઈ કે મહાપ્રસાદની સ્તુતિ આરંભી - હાથમાં પ્રસાદ એમને એમ રહ્યો. સ્તુતિ આખો દિવસ ને આખી રાત ચાલી. બારશની સવાર થઈને મંદિર ખૂલ્યું. ત્યારે શ્રી વલ્લભે ભગવાનનાં દર્શન કર્યા અને પછી હાથમાંનો એ પ્રસાદ આરોગી ઉપવાસનાં પારણા કર્યાં! આમ એમણે વ્રત પણ સાચવ્યું ને પ્રસાદનું ગૌરવ પણ કર્યું.

પુરીથી દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા કરી ફરતા ફરતા શ્રી વલ્લભ ઉજ્જૈન આવ્યા. ત્યાં નરોત્તમ શર્મા નામે બ્રાહ્મણને તેમણે પુરોહિતપદ આપ્યું. તેનો સંસ્કૃત લેખ મળી આવ્યો જેના પર સં. ૧૫૪૬ ચૈત્ર સુદ પડવો લખેલું છે. અહીં એમણે શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. ઉજ્જૈનથી તેઓ ઓરછા ગયાં. ત્યાં 'ઘટ સરસ્વતી'નામે એક વિદ્વાનને એમણે શાસ્ત્રાર્થમાં હરાવ્યો. આ વિદ્વાને તંત્રસાધના કરી હતી. શાસ્ત્રાર્થ વખતે એ વચમાં એક ઘડો મૂક્તો અને ઘડામાં સરસ્વતીનું આવાહન કરતો. એને વશ વર્તી ઘડામાંથી સરસ્વતી બોલતી અને એને વિજયી જાહેર કરતી. આવી રીતે એ તાંત્રિકે કેટલાયને હરાવ્યા હતા. શ્રી વલ્લભની સાથે શાસ્ત્રાર્થ વખતે એમણે ઘડો મૂક્યો, પણ સરસ્વતી કંઈ બોલી નહિ, એટલે એણે હાર કબૂલ કરવી પડી. પાછળથી એકાંતમાં એણે સરસ્વતીને પૂછ્યું : 'તું કેમ બોલી નહિ ?' સરસ્વતીએ કહ્યું,'કેમ કરી બોલું ? હું વાક્ છું અને એ વાક્પતિ છે! પતિની સામે કેમ બોલાય ?'

શ્રી વલ્લભની પ્રતિભા જોઈ ઓરછાનો રાજા એવો ખુશ થઈ ગયો કે પોતાને વૈષ્ણવધર્મની દીક્ષા આપવા એણે વિનંતી કરી. શ્રી વલ્લભે કહ્યુ : 'વંશપરંપરાથી તમને જે દીક્ષા મળતી આવી છે તે બરાબર છે. તમારા ગુરુને મારું જ સ્વરૂપ માનજો.'

ત્યાંથી શ્રી વલ્લભ ફરતા ફરતા મથુરા આવ્યા ને વ્રજચોરાશી કોશની પરિક્રમા કરી. આ પરિક્રમામાં એક જગાએ ઘોર વનમાં એમણે એક અજગરને મોતના મોંમા તરફડતો જોયો. લાખો કીડીઓ ચટકા ભરી એને પીડતી હતી. એમને દયા આવી. કમંડલમાંથી જળની અંજલિ છાંટી એમણે અજગરની સદ્ગતિ કરી. ભક્તોએ પૂછતાં તેમણે ખુલાસો કર્યો 'આ અજગર ગયા જન્મમાંએક મંદિરનો મહંત હતો. શિષ્ય પાસેથી ઘણું દ્રવ્ય લઈ એણે એ પોતાના ભોગવિલાસમાં વાપર્યું અને શિષ્યોના ઉદ્ધારની જરાયે કોશિશ ન કરી. પરિણામે આ જન્મમાં એ અજગર થયો અને એના શિષ્યો કીડીઓ થયા. એ કીડીઓએ કેવી રીતે ગુરુના કૃત્યનો બદલો લીધો એ તમે નજરે જોયું !'

શ્રી વલ્લભાચાર્યે સમસ્ત ભારતવર્ષની પરકમ્મા કરી હતી. ઠેર ઠેર તેમણે જોયું હતું કે તીર્થોમાં તીર્થપણું રહ્યું નથી, સર્વત્ર પાખંડ પ્રવર્તે છે. પંડિતો અહંકારી છે, પારમાર્થિક કર્મ પણ નિજના લાભ માટે, અને પોતે પૂજવા માટે કરે છે. મંત્રોનું તાત્પર્ય કોઈ જાણતું નથી, તેથી મંત્રો નષ્ટપ્રાય થઈ ગયા છે, એમાંથી અર્થ અને દેવતિરોહિત થયા છે. આવે વખતે લોકોનો આશ્ચર્ય શું ? જીવોની આવી દયનીય દશા જોઈ એમને ખૂબ લાગી આવ્યું હતું. એમણે પ્રભુને પ્રાર્થના કરી : 'પ્રભુ, આ જીવોના ઉદ્ધારનો કોઈ સરળ માર્ગ બતાવો !'

સંવત ૧૫૫૦ શ્રાવણ સુદ એકાદશીની મધરાતે ગોકુલમાં સ્વયં પ્રભુએ પ્રગટ થઈ એમણે કહ્યું : 'જીવનો બ્રહ્મની સાથે સંબંધ કરવાથી એના બધા દોષોના નાશ થશે. એ સિવાય દોષોનો નાશ કરવાનો બીજો કોઈ જ ઉપાય નથી. તેથી બધું ભગવાનને સમર્પણ કરવું અને સમર્પણ નહિ કરેલી વસ્તુનો ત્યાગ કરવો !'

દામોદરદાસ હરસાની કરીને શ્રી વલ્લભાચાર્યના શિષ્ય

હતા. તેઓ તેમની નજીકમાં જ સૂતેલા હતા. શ્રી વલ્લભ તેમને વહાલમાં દમલો કહેતા. ભગવાને સાક્ષાત પ્રગટથઈને જીવનો બ્રહ્મસંબંધ કરવાની આજ્ઞા કરી ત્યારે એ જાગતા હતા. શ્રી વલ્લભે તેમને પૂછયું : 'દમલા, તે કંઈ સાંભળ્યું ?' દામોદરદાસે કહ્યું : સાંભળ્યું ખરું, પણ સમજાયું નહિ. !'

શ્રી વલ્લભે કહ્યું : 'શ્રીઠાકોરજીએ મને આજ્ઞા કરી કે તમે જીવનો બ્રહ્મસંબંધ કરાવો તો એના બધા દોષોની નિવૃત્તિ થશે અને હું એનો સ્વીકાર કરીશ !'

શ્રી વલ્લભે ભગવાનની આ આજ્ઞા શ્લોકબદ્ધ કરી. તેમાં પહેલા શ્લોકમાં તેમણે કહ્યું : 'શ્રાવણ મહિનાની અજવાળી એકાદશીએ સાક્ષાત ભગવાને મને જે કહ્યું તે હું અહીં અક્ષરશ : લખું છું.' આ પછી એમણે ભગવાનની આજ્ઞાના સાડા સાત શ્લોક લખ્યા છે. એટલા શ્લોકોમાં ભગવાને જે કહ્યું તે અક્ષરશઃ કહેવાઈ ગયું અને ગાંઠનું કશું ઊમેરવું નથી એટલે છેલ્લા શ્લોકની માત્ર એક જ લીટી છે. આ શ્લોકોને 'સિદ્ધાન્ત રહસ્ય' ગ્રંથ કહે છે.

પહેલી બ્રહ્મસંબંધની દીક્ષા શ્રી વલ્લભે દામોદરદાસને આપી. દામોદરદાસ એક દિવસ ઉપવાસ કરી સ્નાન કરી કોરાં વસ્ત્ર પહેરી હાથમાં તુલસીદલ લઈ ઊભા અને બ્રહ્મસંબંધનો મંત્ર બોલી તુલસીદલ પ્રભુચરણે સમર્પિત કરી તેમણે આત્મનિવેદન સિદ્ધ કર્યું. બ્રહ્મસંબંધ મંત્રનું તાત્પર્ય એ છે કે,'હે કૃષ્ણ, હું તારો દાસ છું. હું પોતે અને મારું જે કંઈ છે તે બધું ગુરુને સાક્ષી રાખી હું તને સમર્પણ કરું છું.'

શ્રી વલ્લભ હવે ભારતભરમાં શ્રી વલ્લભાચાર્ય તરીકે પ્રસિદ્ધ હતા. ભક્તો તેમને મહાપ્રભુ કહેતા. તેમણે પ્રવર્તાવેલો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત કહેવાય છે. 'ઈશ અને જીવ જુદા નથી, એક જ બ્રહ્મનાં એ સ્વરૂપ છે. એ અદ્વૈતજ્ઞાનને શુદ્ધ અદ્વૈત કહે છે, પણ સાકાર આનંદરૂપ રસરૂપ છે. જગત અને જીવ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલાં છે અને બ્રહ્મ કરતાં જુદાં નથી. જીવ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે અને તેણે સર્વવ્યાપક મહદંશને ખોળવાનો છે તથા પામવાનો છે. બ્રહ્મ સત્ય છે, તેમ જગત પણ સત્ય છે. સંસાર માયાએ ઊભો કરેલો છે, તે અહંતામમતા રૂપ છે, હું ને મારું બધું પ્રભુનું છે એ ભાવથી, તન મન ધનથી પ્રભુની સેવા કરાય તો અહંતાનો નાશ થાય અને સંસારથી મુક્તિ મળે. જીવનું સર્જન ભગવાનની સેવા અર્થે છે, પણ જીવ એ ભૂલી ગયો છે અને જગતના પદાર્થોનો પોતે માલિક છે એમ માને છે તેથી દોષયુક્ત બન્યો છે. બ્રહ્મસંબંધથી આ દોષ દૂર થાય છે અને પ્રભુ પ્રત્યે અનન્ય નિષ્ઠા થાય છે.

ગોવિંદ દૂબે કરીને મહાપ્રભુના શિષ્ય હતા. તેમણે એકવાર મહાપ્રભુને લખ્યું કે 'મારું મન બહુ વ્યગ્ર રહે છે, સેવામાં ચિત્ત લાગતું નથી. હું શું કરું ?'

મહાપ્રભુએ એમને 'નવ રત્ન' જેવા શ્લોક લખી મોકલ્યા, જેમાં લખ્યું : 'કોઈ જાતની ચિંતા ક્યારેય પણ કરવી નહિ. કારણ સર્વેશ્ર સર્વાત્મા બધું સંભાળશે. શ્રી હરિ સ્વતઃ સમર્થ છે. માટે આપણે તો નિત્ય શ્રીકૃષ્ણ : શરણં મમ બોલવું અને સ્વસ્થ રહેવું. ઈશ્વરની ઈચ્છાને અનુસરવામાં જ ભક્તની કૃતાર્થતા છે. **बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मं प्रसीदतु !** કૃષ્ણ મારી બુદ્ધિના પ્રેરક છે, એમનાં ચરણકમળની મારા પર કૃપા થાઓ ! સતત આ જ ભાવના કરવી.'

આવા નાના નાના, ભક્તોને હાથવગા રહે તેવા સોળ જેટલા ગ્રંથો શ્રી વલ્લભાચાર્યે લખ્યા છે. બધા થઈને તેમાં ૨૨૧।। શ્લોકો છે આને 'ષોડશ ગ્રંથો' કહે છે. સૌએ તે વાંચવા જેવા છે. એમાં એક અગિયાર શ્લોકોનો કૃષ્ણાશ્રય ગ્રંથ છે. એક વાર એક ભક્તે આચાર્યશ્રીને કહ્યું : 'આપની કૃપાથી મને ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનાં સદેહે દર્શન થયાં, પણ ભગવાનના સ્વરૂપનો આનંદનો હજી મને અનુભવ થયો નથી. તો એ કરાવો !' જવાબમાં આચાર્યજીએ 'કૃષ્ણાશ્રય' ગ્રંથ લખી તેનો પાઠ કરાવ્યો, એથી એનું મન અલૌક્કિ થઈ ઠાકોરજીમાં લાગ્યું. આ 'કૃષ્ણાશ્રય' ગ્રંથ માત્ર ૧૧ શ્લોકનો છે. તેમાં કલિકાળની આજની દયનીય હાલતનું વર્ણન કરી કૃષ્ણ જ જીવની એક માત્ર હતિ અને આશ્રય છે તેમ બતાવ્યું છે.

'યમુનાષ્ટક' એ એવું જ ભક્તજનપ્રિય કાવ્ય છે. આચાર્યશ્રીએ યમુનાને 'સકલસિદ્ધિહેતુ' કહ્યાં છે. તેઓ કહે છે : 'હે સરળ સિદ્ધિની દાત્રી યમુના, હું તને નમસ્કાર કરું છું. તારું ચરિત્ર અદભુત છે. તારું પયપાન કરવાથી યમરાજ તરફથી કંઈ યાતના થતી નથી. કારણ કે બહેનનાં છોકરાં ગમે એટલાં ખરાબ હોય તોય યમરાજા એમને નહિ હણે !' છેલ્લે કહે છે : 'તારી સમીપમાં મારા શરીરનું નવાપણું થાઓ !' આમ આ કાવ્ય જીવવાની ને મરવાની કળા શીખવે છે. યમુનાજીનાં માનુષી સ્વરૂપે પ્રત્યક્ષ દર્શન કર્યા પછી તેમણે આ સ્તોત્ર રચ્યું હતું એમ કહેવાય છે.

આચાર્યશ્રી કૃત 'શ્રી મધુરાષ્ટકમ્' તો આજે ઘેરઘેર ગવાય છે. (આ પાઠને છેડે તે કાવ્ય આપ્યું છે) એમના કુલ ગ્રંથો સિત્તેરથી વધુ છે. તેમાં 'અણુભાષ્ય' અને 'સુબોધિની'

ખૂબ પ્રખ્યાત છે. 'અણુભાષ્ય' માં બ્રહ્મસૂત્રની વ્યાખ્યા છે અને 'સુબોધિની'માં ભાગવતનો ગૂઢાર્થ પ્રગટ કરેલો છે.

આચાર્યશ્રીનાઆ માર્ગને 'પુષ્ટિમાર્ગ' કહે છે. પુષ્ટિ એટલે અનુગ્રહ - પ્રભુની કૃપા. આ પ્રભકૃપાનો માર્ગ છે. દીનતા અને અનન્યાશ્રય એ પ્રભુની કૃપા પામવાનાં સાધનછે.

મહાપ્રભુજીએ ત્રણ વખત સમગ્ર ભારતવર્ષની પરિક્રમા કરી છે. પહેલી પરિક્રમા સંવત ૧૫૪૫માં શરૂ થઈ તે સં. ૧૫૪૯માં પૂરી થઈ. દરમિયાન સં. ૧૫૪૯માં ફાગણ સુદ એકાદશીએ શ્રીનાથજીએ તેમના અંતરમાં પ્રગટ થઈ આજ્ઞા કરી : 'વ્રજમાં આવી મને પ્રગટ કરો !' વ્રજમાં ગોવર્ધન પર્વત છે. તે પર્વત પર શ્રી ગિરિરાજ ગોવર્ધન નાથજીનું સ્વરૂપ સ્વયંભુ પ્રગટ થઈ રહ્યું હતું. પહેલાં ભૂજા પ્રગટ થઈ હતી અને વ્રજવાસીઓ એ ભૂજાની પૂજા કરતા હતા, પછી મુખ પ્રગટ થયું અને તેની સેવા પૂજા થઈ હતી. હવે આચાર્યશ્રીને પ્રભુની આજ્ઞા થઈ કે 'મને પ્રગટ કરો!' આચાર્યશ્રી ગિરિરાજ પધાર્યા, ત્યાં તેમણે નાનકડું મંદિર બનાવડાવી તેમાં શ્રીનાથજીને પધરાવ્યા. પાછળથી મોટું મંદિર બન્યું. શ્રીનાથજીના પ્રાગટયનો આ ઈતિહાસ છે.

નાના મંદિરમાં શ્રીનાથજીને પધરાવીને આચાર્યશ્રી બીજી વાર ભૂતલયાત્રાએ નીકળ્યા. સં. ૧૫૫૫. તે પછી સંવત ૧૫૬૧માં તેમણે લગ્ન કર્યા. લગ્ન પછી તેમણે ત્રીજીવાર ભૂતલયાત્રા કરી. લગભગ છ છ વર્ષ તેમણે એક એક યાત્રામાં કાઢયાં છે. સંવત ૧૫૬૮માં ત્રીજી યાત્રા પૂરી થયાનું જણાય છે. આ યાત્રાઓમાં ૮૪ જગાએ તેમણે ભાગવતનું પારાયણ કર્યું. તે સ્થાનો આજે ૮૪ બેઠકો તરીકે ઓળખાય છે. આચાર્યશ્રીના શિષ્યોમાં પણ ૮૪ વૈષ્ણવો પ્રસિદ્ધ છે.

દક્ષિણ ભારતમાં વિજયનગર નામનું સ્વતંત્ર હિન્દુ રાજ્ય હતું. કૃષ્ણદેવરાય ત્યાંનો રાજા હતો. તેની રાણી વૈષ્ણવ હતી. અને રાજાને વૈષ્ણવ થવાનું કહેતી હતી. શંકરાચાર્યના મતના પંડિતો તેનો વિરોધ કરતા હતા. આથી રાજાએ એ બેઉ વચ્ચે જાહેર વિવાદ ગોઠવ્યો હતો. છ સાત દિવસ આ વિવાદ ચાલ્યો. વિવાદમાં વૈષ્ણવો પાછા પડયા. એવામાં શ્રી વલ્લભાચાર્યનું વિજયનગરમાં આગમન થયું. રાજાએ એમની કીર્તિ સાંભળી હતી, એટલે એણે એમને માનપૂર્વક નિમંત્રણ આપી બોલાવ્યા ને ઉચ્ચ આસને બેસાડયા. ફરી વિવાદ શરૂ થયો. સત્તાવીસ દિવસ આ શાસ્ત્રાર્થ ચાલ્યો. છેવટે તેમાં શ્રી વલ્લભાચાર્યની જીત થઈ. રાજાએ એમને 'અખિલ ભૂમંડલાચાર્ય' જાહેર કર્યા અને નગરમાં એમની દિગ્-વિજય યાત્રા કાઢી, પણ મહાપ્રભુ પાલખીમાં ન બેઠા. પાલખીમાં શ્રીમદ્ ભાગવતની પોથી પધરાવી તેઓ એની આગળ પગે ચાલતા ફર્યા. રાજાએ મહાપ્રભુનું વેદવિધિ મુજબ પૂજન કર્યુ અને તેમનો કનકાભિષેક કરી પુષ્કળ સુવર્ણ ભેટ ધર્યું; પણ મહાપ્રભુએ તે લીધું નહિ અને વિદ્વાનોમાં તથા બ્રાહ્મણોમાં તે વહેંચાવી દીધું. રાજાએ તેમની પાસે વૈષ્ણવ-દિક્ષા લીધી ને દક્ષિણામાં એક હજાર સોનામહોરો ધરી. એમાંથી માત્ર સાત મહોરો તેમણે લીધી. તેમાંથી તેમણે શ્રીનાથજી માટે નુપૂર ઘડાવ્યાં અને વિજયનગરમાં વિઠ્ઠલ સ્વામીનું મંદિર હતું તેમાં બિરાજતા શ્રી વિઠ્ઠલ માટે કંદોરો ઘડાવ્યો. આ બનાવ આચાર્યશ્રીની પ્રથમ યાત્રા વખતે, જ્યારે તેઓ તેર વર્ષના હતા ત્યારે બન્યો હતો એમ પણ કેટલાક કહે છે.

મહાપ્રભુજીના વ્યક્તિત્વની અને વાણીની કેવી અસર થતી તેના કેટલાક પ્રસંગો જોઈએ :

એકવાર મહાપ્રભુજીએ સૂરતમાં તાપીતટે અશ્વિનીકુમારના ઓવારા સમીપ મુકામ કર્યો હતો. તે વખતે ત્યાં એક યોગી તપસ્યા કરતો હતો. એનો એક પગ અને એક હાથ સુકાઈને લાકડું થઈ ગયા હતા. પૂછતાં કહે : 'ભગવાનનાં દર્શન કરવા હું આ કઠોર તપસ્યા કરું છું.'

મહાપ્રભુજીએ તેને પૂછ્યું : 'જે ચીજની પ્રાપ્તિ માટે જે કરવું જોઈએ તે ન કરીએ ને બીજું કરીએ તો એ ચીજની પ્રાપ્તિ થાય ખરી ? કાયાને કષ્ટ આપવાથી ડરીને દર્શન દે એવા શું ભગવાન પામર છે?' યોગી વિચારમાં પડી ગયો. મહાપ્રભુજીએ પછી કહ્યું : 'ભગવાને પોતે ગીતામાં કહ્યું છે કે વેદાભ્યાસથી, તપથી, જ્ઞાનથી કે યજ્ઞથી મારાં દર્શન નહિ થાય - માત્ર અનન્યભાવે ભક્તિ કરવાથી જ મારાં દર્શન થશે !'

યોગીને પોતાની ભૂલ સમજાઈ. એ મહાપ્રભુજીનું શરણ લીધું.

એક જગાએ મહાપ્રભુજીએ ભગવાન કૃષ્ણની બાળલીલાની કથા કરી. બાલ કૃષ્ણ સીંકુ તોડી માખણ ખાતા એ સાંભળી એક બ્રાહ્મણ દંપતીની આ ચિત્તમાં બાળ કૃષ્ણ રમી રહ્યા. બન્યું એવું કે બીજે દિવસે એ બ્રાહ્મણના બાળ પુત્રોએ ઘરમાં માખણની મટકી હતી તે શોધી કાઢી લોંદા ભરી ભરીને માખણ ખાધું ! બ્રાહ્મણે એ જોયું ત્યારે એને પોતાના પુત્રોમાં બાળ કૃષ્ણનાં દર્શન થયાં ! એણે બ્રાહ્મણીને કહ્યું : 'આપણા ઘરમાં કૃષ્ણબલદેવ પધાર્યા છે !' બ્રાહ્મણ પર ગુસ્સે થવાને બદલે રાજી થઈ. મહાપ્રભુજી પણ બ્રાહ્મણ-બ્રાહ્મણીની આ ભાવના જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું :

'લૌક્કિ જીવન વ્યવહારમાં અલૌક્કિની એટલે કે ભગવદ્‌ભાવની ભાવના હંમેશા કરવી. !'

રાણા વ્યાસ કરીને ગોધરાના એક પંડિત હતા. તેમને શાસ્ત્રાર્થનો નશો હતો, જેની તેની સાથે વાદમાં ઊતરે ને એને હરાવે. પણ કાશીના પંડિતો સાથે વાદમાં ઊતરતાં એમને એ નશો ઊતરી ગયો. એ એવા હતાશ થઈ ગયા કે ગંગાજીમાં પડી ડૂબી મરવા ગયા. ત્યાં એમના સદ્‌ભાગ્યે એમને મહાપ્રભુજીનાં દર્શન થયા. મહાપ્રભુજીએ માત્ર ચાર શ્લોકમાં એમને જીવનનું રહસ્ય સમજાવી દીધું. તેમણે કહ્યું : '**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधीप**' સર્વદા સર્વ ભાવે વ્રજના અધિપતિ કૃષ્ણને ભજો ! જીવનો આ જ ધર્મ છે. આ સિવાય ક્યાંય કોઈ કાળે બીજો ધર્મ નથી. ભગવાનને સમર્પિત થઈ જાઓ ને નિશ્ચિત બનો ! જે કરવાનું છે તે ભગવાન પોતે કરશે. હૃદયમાં સર્વાત્મભાવે ભગવાનને ધારણ કરો, પછી લૌકિક કે પારલૌકિક કોઈ સુખ તેની તોલે નહિ આવે. આ મારો દૃઢ મત છે.' મહાપ્રભુના આ બોલ રાણા વ્યાસના હૈયાસોંસરા ઊતરી ગયા. મનુષ્યજન્મનું તાત્પર્ય તેમને સમજાઈ ગયું. તેમના ઘમંડનું સ્થાન હવે સમર્પણભાવે લીધું. પ્રભુનું જ કર્મ છે અને જયપરાજયની સાથે મારે કંઈ લાગતું વળગતું નથી એવા નિશ્ચય સાથે તેઓ ફરી કાશીના પંડિતો સાથે વાદમાં ઊતર્યા ને જીત્યા, ઘમંડે જે કાળીટીલી ચોંટાડી હતી તે દીનતાએ દૂર કરી. આ ચાર શ્લોકને 'ચતુઃશ્લોકી' કહે છે.

મહાપ્રભુજીની વાણીની કેવી અદ્‌ભૂત અસર થતી એનાં આવાં ઘણાં દૃષ્ટાન્તો 'ચોરાશી વૈષ્ણવની વાર્તા' માં છે.

સંવત ૧૫૬૮ના જેઠ માસમાં આચાર્યા શ્રી બદ્રિકાશ્રમ પધાર્યા. કૃષ્ણદાસ મેઘન કરીને આચાર્યશ્રીના શિષ્ય તેમની ત્રણે ભૂતલયાત્રામાં તેમની સાથે હતા, તે અહીં પણ તેમની સાથે હતા. તેમને એક ઠેકાણે ઊભા રહેવાનું કહી આચાર્યશ્રી વ્યાસજીની ગુફામાં ગયા. ત્યાં વ્યાસ ભગવાન એમને જોઈ પ્રસન્ન થયા. કહે : 'યુગલગીતની વ્યાખ્યા સંભળાવો !' આચાર્યે ભાવવિભોર બની વ્યાખ્યાં સંભળાવી તેમાં ત્રણ દિવસની વીતી ગયા ! વ્યાસજીની પ્રસન્નાતાનો પાર ન રહ્યો. આચાર્યશ્રી ગુફામાંથી બહાર આવ્યા ત્યારે કૃષ્ણદાસ હજી ત્યાંના ત્યાં જ ઊભા હતા ! ગુરુની આજ્ઞાના પાલન વિશે કેવી નિષ્ઠા !

હવે આચાર્યશ્રી ગૃહસ્થાશ્રમ માટે સ્થિર થવા પ્રયાગ પાસે અડેલમાં આશ્રમ કરી રહ્યા. થોડા સમય પછી કાશી નજીક ચરણાટમાં વાસ કર્યો. પણ કાશીના પંડિતો એમને જંપીને બેસવા દેતા નહોતા. એમને કેવળ શાસ્ત્રાર્થ જોઈતો હતો. તેમને મહાત કરવાની આચાર્યશ્રીએ એક નવી જ રીત શોધી કાઢી. તેમણે દરરોજ વૈદિક સિધ્ધાન્તનો એક લેખ લખી શ્રીકાશીવિશ્વેશ્વર મંદિરના દરવાજે ટાંગવા માંડયો. આ લેખોનો 'પત્રાવલંબન' ગ્રંથ બન્યો.

હવે પ્રભુએ એમને નિજધામમાં પધારવા આજ્ઞા કરી. આચાર્યશ્રીએ સંન્યાસ-દીક્ષા માટે પત્નીની રજા માંગી, પત્નીએ ના પાડી. પણ પ્રભુની ઈચ્છા આગળ કોઈનું શું ચાલે ? આચાર્યશ્રી અડેલના એમના ઘરમાં હતા ને ઘરને આગ લાગી. તેથી પત્નીએ બૂમ પાડી : 'નીકળો ઘરમાંથી બહાર!' આચાર્યશ્રીએ એ શબ્દોને સંન્યાસની રજા માની લીધી ને નીકળી ગયા. પ્રયાગ જઈ એમણે સંન્યાસ-દીક્ષા લીધી. પછી તેઓ કાશીના હનુમાનઘાટ પર અનશન અને મૌન ધારણ કરીને રહ્યા. દરમિયાન તેમના બે પુત્રો અને કેટલાક શિષ્યો તેમની છેલ્લી આજ્ઞા માંગવા આવ્યા. આચાર્યશ્રીએ પગના અંગૂઠાથી રેતીમાં સાડા ત્રણ શ્લોક લખ્યા એને 'શિક્ષાશ્લોકી' કહે છે. આચાર્યશ્રીનું એ વસિયતનામું છે. એમાં એમણે કેવળ પોતાના પુત્રોને કે વંશજોને નહિ, તમામ અનુયાયીઓને સાવધાન રહેવાનું સુચવ્યું છે. તેમાં તેઓ કહે છે : જો તમે ભગવાનને ભૂલ્યા તો નક્કી જાણજો કે તમારાં શરીર મન વગેરે કાળના પ્રવાહમાં ખેંચાઈ જશે અને તમને જ ભરખી જશે. ભગવાન કૃષ્ણ લૌકિક રાજા જેવા નથી, એમને લૌકિક માનપાનની કંઈ જ પડી નથી. શ્રી કૃષ્ણ જ આપણું સર્વસ્વ છે, તેઓ જ આપણો ઈહલોક અને પરલોક છે એવો આપણો ભાવ એમનામાં હોવો જોઈએ. તેથી સર્વ પ્રકારે સર્વભાવે એ ગોપીજનવલ્લભની જ સેવા કરવી. એ જ આપણું બધું સંભાળશે. !'

આટલું લખાયું ત્યાં ભગવાને પોતે પ્રગટ થઈ તેમાં દોઢ શ્લોક ઊમેર્યો : 'ગોપીજન વલ્લભમાં જો વિશ્વાસ હોય તો તમે કૃતાર્થ છો, તમારે કંઈ જ ચિંતા કરવાની રહેતી નથી. અન્યથા-રૂપનો ત્યાગ કરી પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર થવું એનું નામ મુક્તિ !'

આચાર્યશ્રી બપોરે ગંગાજીમાં પધાર્યા અને ત્યાં ઊભા ઊભા કૃષ્ણધ્યાનમાં લીન થઈ ગયા. થોડા વખતમાં તેમણે જળસમાધિ લીધી. ગંગાજીમાંથી એક તેજપુંજ પ્રગટ થયો

અને અવકાશમાં અદૃશ્ય થઈ ગયો. હજારો માણસોએ તે નજરે જોયું. સં. ૧૫૮૭ અષાઢ સુદ બીજ. ઈ.સ. ૧૫૩૨, આને આસુરવ્યામોહલીલા' કહે છે. જે જીવો શ્રી વલ્લભના નથી, એટલે કે જે આસુરી જીવ છે તેમને આશ્ચર્ય પમાડવા માટેની તે લીલા હતી. વાસ્તવમાં મહાપ્રભુજી ભૂતલ પર કાયમ બિરાજમાન છે. દામોદરદાસ હરસાનીને તેમણે કહ્યું જ હતું કે 'હું ક્યાંય જવાનો નથી, સદા અહીં જ છું.'

મહાપ્રભુજી હંમેશા ઉઘાડા પગે જ પરકમ્મા કરતા, લાકડાની પાવડી પણ તેઓ પહેરતા નહિ. તેથી જ્યાં તેમની પાદુકાઓ જોવામાં આવે છે તે ખીટીં વગરની હોય છે. એવી પાદુકા પર ક્ષણવાર પોતાના ચરણ સ્થાપિત કરી તેઓ તે ભક્તોને આપતા.

ભક્તિમાર્ગ પણ યોગમાર્ગ છે. શ્રી વલ્લભાચાર્યનો મોટામાં મોટો ચમત્કાર એમની વાણી છે, એમનું વ્યક્તિત્વ છે - જેનાથી આકર્ષાઈ કરોડો પુરુષોએ એમનું શરણ શોધ્યું છે. વિદ્વાનો અને અવિદ્વાનો, બ્રાહ્મણ ક્ષત્રિય અને શુદ્ર સૌને એમણે આકર્ષ્યા છે. એમણે ઘરોને નંદાલય બનાવ્યાં છે ને ભક્તોને ગોપીજન બનાવ્યા છે. ભક્તો ગોપીની વિરહવ્યથા અનુભવે તો જ ગોપીજનવલ્લભની ઝાંખી થાય ને !

## મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યનું શ્રી મધુરાકાષ્ટમ્

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્,
હૃદયમાં મધુરં ગમનં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
વચનં મધુરં ચરિતં મધુરં વસનં મધુરં વલિતં મધુરમ્,
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
વેણુર્મધુરઃ રેણુર્મધુર : પાણિર્મધુર : પાદૌ મધુરૌ,
નૃત્યં મધુરં, સખ્યં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
ગીતં મધુરં પીતં મધુરં ભ્રુક્તં મધુરં સુપ્તં મધુરમ્,
રૂપં મધુરં તિલકં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
કરણં મધુરં તરણં મધુરં હરણં મધુરં સ્મરણં મધુરમ્,
વમિતં મધુરં શમિતં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
ગુજાં મધુરા માલા માધુરા યમુના મધુરા વીચી મધુરા,
સલિલં મધુરં કમલં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
ગોપી મધુરાં લીલા મધુરા યુક્તં મધુરં ભુક્તં મધુરમ્,
દષ્ટં મધુરં શિષ્ટં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.
ગોપાઃ મધુરાઃ ગાવો મધુરાઃ યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા,
દલિતં મધુરં ફલિતં મધુરં મધુરાધિપતે રખિલં મધુરમ્.

# ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી વર્ષ નિમિત્તે તેઓની આત્મકથાના પ્રેરક પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

## ઈન્ડિયન ઓપીનિયન

આ અરસામાં જ શ્રી મદનજિતે 'ઈન્ડિયન ઓપીનિયન' છાપું કાઢવાનો વિચાર કોર્ય. મારી સલાહ ને મદદ માગ્યાં. છાપખાનું તો તે ચલાવતા જ હતા. છાપું કાઢવાના વિચારમાં હું સંમત થયો. આ છાપાની ઉત્પત્તિ ૧૯૦૪માં થઈ. મનસુખલાલ નાજર અધિપતિ થયા. પણ અધિપતિપણાનો ખરો બોજો મારા ઉપર જ પડયો. મારે નસીબે ઘણે ભાગે હંમેશા દૂરથી જ છાપાનું તંત્ર ચલાવવાનું આવ્યું છે. મનસુખલાલ નાજર તંત્રીપણું ન કરીશ કે એવું કાંઈ નહોતું. તેમણે તો દેશમાં ઘણાં છાપાંને સારુ લખાણો કર્યા હતાં. પણ દક્ષિણ આફ્રિકાના અટપટા પ્રશ્નો ઉપર મારી હાજરી છતે સ્વતંત્ર લેખો લખવાની તેમણે હિંમત જ ન કરી. મારી વિવેકશક્તિ ઉપર તેમનો અતિશય વિશ્વાસ હતો. એટલે જે વિષયો ઉપર લખવાપણું હોય તે ઉપર લખી મોકલવાનો બોજો મારા પર ઢોળાતા. આ છાપું સાપ્તાહિક હતું, જેવું આજે પણ છે.

આ છાપામાં મારે કંઈ પૈસા રોકવા પડશે એવી મારી કલ્પના નહોતી. પણ થોડી જ મુદ્દતમાં મેં જોયું કે જો હું પૈસા ન આપું તો છાપું ન જ ચાલે. છાપાનો હું અધિપતિ નહોતો, છતાં હું જ તેના લખાણને સારુ જવાબદાર હતો, એમ હિંદી અને ગોરા બંને જાણતા થઈ ગયા હતા. છાપું ન જ નીકળ્યું હોય તો અડચણ નહોતી, પણ કાઢયા પછી બંધ થાય તો તેમાં કોમની નામોશી થાય તેમ હતું ને કોમને નુકશાન થતું હતું એમ મને લાગ્યું હું તેમાં પૈસા રેડતો ગયો, ને છેવટે જેટલું બચ્યું હતું તે બધું તેમાં જ જતું એમ કહેવાય. એવો સમય મને યાદ છે કે જ્યારે મારે દર માસે ૭૫ પાઉન્ડ મોકલવા પડતા.

પણ આટલાં વર્ષો પછી મને લાગ છે કે છાપાએ કોમની સારી સેવા કરી છે. તેમાંથી પૈસા પેદા કરવાનો ઈરાદો તો કોઈનો મૂળથી જ નહોતો. મારે હસ્તક હતું ત્યાં સુધીમાં એમાં થયેલા ફેરફારો મારી જિંદગીના ફેરફારો સૂચવનારા હતા. જેમ અત્યારે 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન' મારા જીવનના કેટલાક ભાગનો નિચોડ છે તેમ 'ઈન્ડિયન ઓપીનિયન' હતું. તેમાં હું પ્રતિ સપ્તાહ મારો આત્મા રેડતો, ને હું જેને સ્તયાગ્રહરૂપે ઓળખતો હતો તે સમજાવવાનો પ્રયત્ન કરતો. જેલના સમયો બાદ કરતાં દસ વર્ષો સુધીનાં, એટલે ૧૯૧૪ની સાલ સુધીના 'ઈન્ડિયન ઓપીનિયન'ના એવા અંકો ભાગ્યે જ હશે જેમાં મેં કંઈ નહીં લખ્યું હોય.

## એક પુસ્તકની જાદુઈ અસર

હું જમવા એક નિરામિષ ભોજનગૃહમાં જતો. ત્યાં મને આલ્બર્ટ વેસ્ટની ઓળખાણ થયેલી. અમે હંમેશા સાંજે આ ગૃહમાં ભેળા થતા ને ખાઈને સાથે ફરવા જતા. વેસ્ટ એક નાના છાપખાનામાં ભાગીદાર હતા. એમણે મદદ કરવાની તૈયારી બતાવી અને મેં 'ઈન્ડિયન ઓપીનિયન' પ્રેસનો વહીવટ હાથ ધરવાનું કહ્યું. વેસ્ટનો છાપાની આર્થિક સ્થિતિ વિશેનો, પહેલો જ રિપોર્ટ મને ભડકાવનારો હતો. આથી હું નાતાલ જવા ઊપડયો. પોલાક નિરામિષા હારી ભોજનગૃહમાં મળેલા ને મિત્ર થયા હતા. તે મને મૂકવા સ્ટેશન ઉપર આવ્યા. 'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો તમને ગમશે' એમ કહી તેમણે રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ' મારા હાથમાં મૂક્યું.

આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે

મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.

મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું. ને તેથી તેણે મારી ઉપર સામ્રાજય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે છે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી. કેમકે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી.

**'સર્વોદય'ના સિદ્ધાંતો હું આમ સમજ્યો.**

૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨) વકીલ તેમ જ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩) સાદું, મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બન્ને સમાયેલી છે. એ મને 'સર્વોદયે' દીવા જેવું દેખાડયું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડયો.

## ખેડા સત્યાગ્રહ

મજૂરોની હડતાળ પૂરી થયા પછી મને દમ લેવાનો વખત પણ ન રહ્યો ને મારે ખેડા જિલ્લાના સત્યાગ્રહનું કામ હાથ ધરવું પડયું.

ખેડા જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ હોવાથી મહેસૂલ માફ કરાવવાને સારુ ખેડાના પાટીદારો મથી રહ્યા હતા.

લોકોની માંગણી એવી સાફ ને એવી હળવી હતી કે એને સારુ લડત લડવાપણું હોય જ નહીં. જો પાક ચાર આની કે તેથી ઓછો હોય તો તે વર્ષને સારુ મહેસૂલ માફ થવું જોઈએ. એવી જાતનો ધારો હતો. પણ સરકારના અમલદારોની આંકણી ચાર આની કરતાં વધારે હતી. લોકો તરફથી પંચ નીમવાની માંગણી થઈ. સરકારને તે અસહ્ય લાગી. જેટલી વિનવણી થઈ શકે તેટલી કર્યા બાદ ને સાથીઓની સાથે મસલત કર્યા બાદ સત્યાગ્રહ કરવાની મેં સલાહ આપી.

સાથીઓમાં ખેડા જિલ્લાના સેવકો ઉપરાંત મુખ્યત્વે શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી શંકરલાલ બેંકર, શ્રી અનસૂયાબહેન, શ્રી ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક, શ્રી મહાદેવ દેસાઈ વગેરે હતાં. વલ્લભભાઈ પોતાની મોટી ને વધતી જતી વકીલાતનો ભોગ આપી આવ્યા હતા. ત્યાર પછીથી તે ઠરી બેસીને વકીલાત કરી જ શક્યા નથી એમ કહીએ તો ચાલે.

અમે નડિયાદ અનાથાશ્રમમાં વાસ કર્યો. નડિયાદમાં એના જેવું કોઈ બીજું એટલા બધા માણસોને સંઘરી શકે એવું છૂટું મકાન નહોતું.

છેવટે નીચે પ્રમાણેની પ્રતિજ્ઞામાં દસ્તક લેવાયા.

'અમારા ગામનો પાક ચાર આનાથી ઓછો થયો છે, એમ જાણીએ છીએ. અમે તેટલા કારણસર મહેસૂલ વસૂલ કરવાનું આવતા વર્ષ સુધી મુલત્વી રાખવાની સરકારને અરજ કરી, છતાં બંધ કરવામાં આવ્યું નથી. તેથી અમે નીચે સહી કરનાર પ્રતિજ્ઞા કરીએ છીએ અમે સરકારની મહેસૂલ આ વર્ષની પૂરી કે જે બાકી રહી હોય તે નહીં ભરીએ, પણ તે વસૂલ કરવા સરકારને જે કાયદેસર પગલાં ભરવાં હશે તે ભરવા દઈશું અને તેથી થતાં દુઃખ સહન કરીશું. અમારી જમીન ખાલસા થશે તો પણ અમે થવા દઈશું. પણ અમારે હાથે પૈસા ભરીને જૂઠા ઠરી સ્વમાન નહીં ગુમાવીએ. જો ના. સરકાર બાકી રહેલો હપતો બાકી રહેલી બધી જગ્યાએ મુલતવી રાખે તો અમારામાં જે શક્તિમાન ભરે તો અશક્તિમાન ગભરાટમાં પોતાની ગમે તે ચીજ વેચીને કે કરજ કરીને મહેસૂલ ભરે અને દુઃખ ભોગવે. એવી હાલતમાંથી ગરીબરોનો બચાવ કરવો એ શક્તિમાનની ફરજ છે એવી અમારી માન્યતા છે.'

આ લડતને હું વધારે પ્રકરણો નહીં આપી શકું. તેથી

ઘણાં મીઠાં સ્મરણો છોડવાં પડશે. જેઓ આ મહત્ત્વની લડતનો ઊંડો અભ્યાસ કરવા ઈચ્છે તેમની શ્રી શંકરલાલ પરીખે લખેલો ખેડાની લડતનો સવિસ્તાર સત્તાવાર ઈતિહાસ વાંચી જવાની મારી ભલામણ છે.

## ડુંગળીચોર

ગુજરાતીઓને આ નવી વસ્તુમાં રસ સારી પેઠે આવતો હતો. તેઓ ધન લૂંટાવવા તૈયાર હતા. સત્યાગ્રહની લડત ધનથી નથી ચાલી શકતી, તેને ધનથી ઓછામાં ઓછી આવશ્યકતા રહે છે, એ વાત તેમને ઘટ સમજવામાં નહોતી આવતી. રોકતાં છતાં પણ મુંબઈના શેઠિયાઓએ જોઈએ એના કરતાં વધારે પૈસા આપ્યા હતા ને લડતને અંતે તેમાંથી કંઈક રકમ બચી હતી.

અમલદારો પ્રજાના શેઠ નથી પણ નોકર છે, પ્રજાના પૈસામાંથી તેઓ પગાર ખાનારા છે, એ સમજાવી તેમનો ભય દૂર કરવાનું કામ મુખ્ય હતું અને નિર્ભય થતાં છતાં વિનય જાળવવાનું બતાવવું ને ગળે ઉતારવું લગભગ અશક્ય જેવું લાગતું હતું. અમલદારોને ડર છોડયા પછી તેમણે કરેલાં અપમાનોનો બદલો વાળવાનું મન કોને ન થાય ? છતાં સત્યાગ્રહી અવિનયી થાય એ તો દૂધમાં ઝેર પડયા સમાન ગણાય. વિનયનો પાઠ પાટીદારો પૂરો નહોતો ભણી શકાય એ પાછળથી હું વધારે સમજ્યો. અનુભવે જોઉં છું કે, વિનય સત્યાગ્રહનો કઠિનમાં કઠિન અંશ છે. વિનય એટલે વિરોધી પ્રત્યે પણ મનમાં આદર, સરળ ભાવ તેના હિતની ઈચ્છા ને તે પ્રમાણે વર્તન.

પ્રથમના દિવસોમાં લોકોની હિંમત ખૂબ જોવામાં આવતી હતી. પ્રથમના દિવસોમાં સરકારી પગલાં પણ મોળા હતાં. પણ જેમ લોકોની દૃઢતા વધતી જણાઈ તેમ સરકારને વધારે ઉગ્ર પગલાં ભરવાનું મન થયું. જપ્તીદારોએ લોકોનાં ઢોર વેચ્યાં. ઘરમાંથી ગમે તે માલ ઘસડી ગયા. ચોથાઈની નોટિસો નીકળી કોઈ ગામનો આખો પાક જપ્ત થયો. લોકોમાં ગભરાટ છૂટયો. કેટલાકે મહેસૂલ ભર્યું. બીજા પોતાનો માલ જપ્ત કરીને અમલદારો મહેસૂલ વસૂલ કરી લે તો છૂટયા એમ મનમાં ઈચ્છવા લાગ્યા. કેટલાક મરણિયા પણ નીકળ્યા.

આવામાં શંકરલાલ પરીખની જમીનનું મહેસૂલ તેમની જમીન ઉપર રહેતા માણસે ભર્યું. તેથી હાહાકાર થયો. શંકરલાલ પરીખે તે જમીન કોમને આપી દઈ પોતાના માણસથી થયેલાં દોષનું પ્રાયશ્ચિત કર્યું. તેમની પ્રતિષ્ઠા જળવાઈ. બીજાઓને દાખલો બેઠો.

ડરી ગેયલાઓને પ્રોત્સાહન દેવા સારું, એક અયોગ્ય રીતે જપ્ત થયેલા ખેતરનો તૈયાર થયેલો ડુંગળીનો પાક હતો, તે મોહનલાલ પંડ્યાની આગેવાની નીચે ઉતારવાની મેં સલાહ આપી. મારી દૃષ્ટિએ તેમાં કાયદાનો ભંગ થતો નહોતો. પણ જો થતો હોય તોયે, જરા જેટલી મહેસૂલને સારુ આખા ઊભા પાકની જપ્તી એ કાયદેસર હોવા છતાં, નીતિ વિરુદ્ધ છે ને ચોખ્ખી લૂંટ છે ને તેવી રીતે થયેલી જપ્તીનો અનાદર કરવાનો ધર્મ છે, એમ મેં સૂચવ્યું. તેમ કરવામાં જેલ જવાનું ને દંડ થવાનું જોખમ હતું તે લોકોને સ્પષ્ટ કરી બતાવ્યું હતું. મોહનલાલ પંડયાને તો એ જોઈતું હતું. સત્યાગ્રહથી અવિરોધી એવી રીતે કોઈના જેલ ગયા વિના ખેડાની લડત પૂરી થાય એ તેમને ન ગમતી વાત હતી. તેમણે આ ખેતરની ડુંગળી ઉતારવાનું બીડું ઝડપ્યું. તેમને સાત આઠ જણે સાથ આપ્યો.

સરકાર તેમને પકડયા વિના કેમ રહે ? મોહનલાલ પંડયાને તેમના સાથીઓ પકડાયા એટલે લોકોનો ઉત્સાહ વધ્યો. જ્યાં લોકો જેલ ઈત્યાદિને વિશે નિર્ભર બને છે ત્યાં રાજદંડ લોકોને દબાવવાને બદલે શૌર્ય આપે છે. કચેરીમાં લોકોનાં ટોળાં કેસ જોવા ઉભરાયાં. પંડયાને અને તેમના સાથીઓને ટૂંકી જેલ થઈ. હું માનું છું કે કોર્ટનો ઠરાવ ભૂલ ભરેલો હતો. ડુંગળી ઉપાડવાની ક્રિયા ચોરીની કાનૂની વ્યાખ્યામાં નહોતી સમાતી પણ અપીલ કરવાની કોઈની વૃત્તિ જ નહોતી.

જેલીઓને વળાવવા સરઘસ ગયું, ને તે દિવસથી મોહનલાલ પંડયા 'ડુંગળીચોર' નો માનીતો ઈલકાબ લોકો પાસેથી પામ્યા તે આજ લગી તેઓ ભોગવે છે.

## ખેડાની લડતનો અંત

લોકો થાક્યા હતા એ સ્પષ્ટ હતું. મક્કમ રહેલાને છેવટ લગી ખુવાર થવા દેવામાં સંકોચ થતો હતો. સત્યાગ્રહીને યોગ્ય લાગે એવો કોઈ અંતનો શોભાયમાન માર્ગ મળે તો તે લેવા તરફ મારું વલણ

હતું. એવો ઉપાય અણધાર્યો આવી પડયો. નડિયાદ તાલુકાના મામલતદારે કહેણ મોકલ્યું કે, જો સ્થિતિવાળા પાટીદારો મહેસૂલ ભરી આપે તો ગરીબોનું મહેસૂલ મુલતવી રહે. આ બાબત મેં લેખિતવાર કબૂલાત માગી તે મળી. મામલતદાર પોતાના તાલુકાને સારુ જ જવાબદારી લઈ શકે, આખા જિલ્લાની જવાબદારી કલેકટર જ લઈ શકે. તેથી મેં કલેક્ટરને પૂછ્યું. તેમનો ઉત્તર ફરી વળ્યો કે મામલતદારે કહ્યું એવો હુકમ તો નીકળી જ ચૂક્યો છે. મને આવી ખબર નહોતી, પણ તે હુકમ નીકળ્યો હોય તો લોકોની પ્રતિજ્ઞાનું પાલન થયું ગણાય. પ્રતિજ્ઞામાં એ જ વસ્તુ હતી, તેથી એ હુકમથી સંતોષ માન્યો.

આમ છતાં આ અંતથી અમે કોઈ રાજી ન થઈ શક્યા. સત્યાગ્રહની લડત પાછળ મીઠાશ હોયતે આમાં નહોતી. કલેક્ટર જાણે તેણે કંઈ જ નવું નથી કર્યું. ગરીબ લોકોને છોડવાની વાત થતી, પણ તેઓ ભાગ્યે જ બચ્યા. ગરીબમાં કોણ એ કહેવાનો અધિકાર પ્રજા અજમાવી ન શકી. પ્રજામાં એ શક્તિ રહી નહોતી એનું મને દુઃખ હતું. તેથી અંતનો ઉત્સવ મનાયો, છતાં તે મને આ દૃષ્ટિએ નિસ્તેજ લાગ્યો.

આમ છતાં આ લડાઈનાં જે અદૃશ્ય પરિણામો આવ્યાં તેમનો લાભ તો આજે પણ જોઈ શકાય છે, ને લેવાઈ રહ્યો છે. ખેડાની લડતથી ગુજરાતના ખેડૂતવર્ગની જાગૃતિનો તેની રાજ્યપ્રકરણી કેળવણીનો આરંભ થયો. પાટીદારને પોતાની શક્તિનું જ્ઞાન થયું તે કદી ન ભુલાયું. સહુ સમજ્યા કે પ્રજાની મુક્તિનો આધાર પોતાની ઉપર છે, ત્યાગશક્તિ ઉપર છે. સત્યાગ્રહે ખેડાની મારફતે ગુજરાતમાં જડ ઘાલી.

## ખાદીનો જન્મ

સન ૧૯૦૮ સુધીમાં રેંટિયો કે સાળ મેં જોયાં હોય એવું મને સ્મરણ નથી. છતાં 'હિંદ સ્વરાજ'માં રેંટિયાની મારફતે હિંદુસ્તાનની કંગાલીયત માટે એમ મેં માન્યું. ને જે રસ્તે ભૂખમરો ભાગે તે રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય. સન ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી દેશમાં આવ્યો ત્યારે પણ મેં રેંટિયાનાં દર્શન તો ન જ કર્યાં. આશ્રમ ખોલ્યું એટલે સાળ વસાવી. સાળ વસાવતાં પણ મને બહુ મુશ્કેલી આવી. અમે બધા કલમ ચલાવનાર કે વેપાર કરી જાણનાર ભેળા થયા હતા. કોઈ કારીગર નહોતો. એટલે સાળ મેળવ્યા પછી વણાટકામ શીખવનારની જરૂર હતી. પાલણપુરથી એક શીખવનાર આવ્યો. તેણે પોતાનો બધો કસબ ન બતાવ્યો. પણ મગનલાલ ગાંધી લીધેલું. કામ ઝટ છોડે તેવા નહોતા. તેમના હાથમાં કારીગરી તો હતી જ, એટલે તેમણે વણવાના હુન્નરને પૂરો જાણી લીધો ને એક પછી એક એમ આશ્રમમાં નવા વણકરો તૈયાર થયા.

અમારે તો અમારાં કપડાં તૈયાર કરીને પહેરવાં હતાં. તેથી મિલનાં કપડાં પહેરવાનું હવે બંધ કર્યું ને હાથસાળમાં દેશી મિલના સૂતરમાંથી વણાયેલું કાપડ પહેરવાનો આશ્રમવાસીઓએ ઠરાવ કર્યો. આમ કરવામાં અમને ઘણું શીખવા મળ્યું. હિંદુસ્તાનના વણકરોનાં જીવનની, તેમની પેદાશની, તેમને સૂતર મેળવવામાં પડતી મુશ્કેલીની, તેમાં તેઓ કેમ છેતરાતા હતા તેની, ને છેવટે તેઓ દિવસે દિવસે કેમ કરજદાર થતા હતા તેની ખબર પડી. અમે પોતે તુરત અમારું બધું કાપડ વણી શકીએ એવી સ્થિતિ તો નહોતી જ, તેથી બહારના વણકરોની પાસે અમારે જોઈતું કપડું વણી લેવાનું હતું. કેમ કે દેશી મિલના સૂતરનું હાથે વણાયેલું કપડું વણકરો પાસેથી ઝટ મળે તેમ નહોતું. વણકરો સારું કપડું બધું વિલાયતી સૂતરનું જ વણતા હતા. કેમ કે આપણી મિલો ઝીણું સૂતર નહોતી કાંતતી. આજ પણ પ્રમાણમાં ઝીણું સૂતર તે ઓછું જ કાંતે છે, બહુ ઝીણું તો કાંતી જ શકતી નથી. મહાપ્રયત્ને કેટલાક વણકરો હાથ આવ્યા, જેમણે દેશી સૂતરનું કાપડ વણી આપવાની મહેરબાની કરી. આ વણકરોને દેશી સૂતરનું વણેલું કાપડ ખરીદી લેવાની આશ્રમ તરફથી ખોળાધરી આપવી પડી હતી. આમ ખાસ તૈયાર કરાવેલું કાપડ વણાવી અને પહેર્યું ને મિત્રોમાં તેનો પ્રચાર કર્યો. અમે તો કાંતનારી મિલોના બિનપગાર એજન્ટ બન્યા. મિલોના પરિચયમાં આવતાં તેમના વહીવટની, તેમની લાચારીની માહિતી મળી. અમે જોયું કે મિલોનું ધ્યેય પોતે કાંતીને પોતે વણવાનું હતું. તેઓ હાથસાળની ઈચ્છાપૂર્વક મદદગાર નહોતી, પણ અનિચ્છાએ હતી. આ બધું જોઈને અમે

હાથે કાંતવા અધીરા થયા. હાથે ન કાંતીએ ત્યાં લગી અમારી પરાધીનતા રહેવાની એમ અમે જોયું. મિલોના એજન્ટ બનવાથી અમે દેશસેવા કરીએ છીએ એમ ન લાગ્યું.

ન મળે રેંટિયો કે ન મળે રેંટિયો ચલાવનાર. કોકડાં વગેરે ભરવાના રેંટિયા તો અમારી પાસે હતા, પણ તેમની ઉપર કાંતી શકાય તેવું તો ભાન જ નહોતું. એક વેળા એક બાઈને કાળિદાસ વકીલ શોધી લાવ્યા. તે કાંતી બતાવશે એમ તેમણે કહ્યું. તેની પાસે એક આશ્રમવાસી, જે નવાંકામો શીખી લેવામાં બહુ પ્રવીણ હતા, તેમને મોકલ્યા, પણ કસબ હાથ ન લાગ્યો.

વખત તો વહેવા લાગ્યો. હું અધીરો બન્યો હતો. ખબર આપી શકે એવા જે આશ્રમમાં ચડી આવે તેમને હું પૂછું. પણ કાંતવાનો ઈજારો તો સ્ત્રીનો જ હતો. એટલે ખૂણેખાંચરે કાંતવાનું જાણનારી સ્ત્રી તો સ્ત્રીને જ મળે.

ભરૂચ કેળવણી પરિષદમાં મને ગુજરાતી ભાઈઓ સન ૧૯૧૭ની સાલમાં ઘસડી ગયા હતા. ત્યાં મહાસાધવી વિધવા બહેન ગંગાબાઈ હાથ લાગ્યાં. તેમનું ભણતર બહુ નહોતું. પણ તેમનામાં હિંમત અને સમજણ ભણેલી બહેનોમાં સામાન્ય રીતે હોય છે તેના કરતાં વિશેષ હતાં. તેમણે પોતાના જીવનમાંથી અસ્પૃશ્યતાની જડ કાઢી નાખી હતી, ને તે બેધડક રીતે અંત્યજોમાં ભળતાં ને તેમની સેવા કરતાં. તેમની પાસે દ્રવ્ય હતું, પણ પોતાની હાજતો ઓછી જ હતી. શરીર કસાયેલું હતું, ને ગમે ત્યાં એકલાં જતાં મુદ્દલ સંકોચ પામે તેવા નહોતાં. ઘોડાની સવારી કરવાને પણ તે તૈયાર રહેતાં. આ બહેનનો વિશેષ પરિચય ગોધરાની પરિષદમાં કર્યો. મારું દુઃખ મેં તેમની પાસે મૂક્યું, ને દમયંતી જેમ નળની પાછળ ભમી હતી તેમ રેંટિયાની શોધમાં ભમવાનું પણ લઈ મારો ભાર તેમણે હળવો કર્યો.

ગુજરાતમાં સારી પેઠે ભટક્યા પછી ગાયકવાડના વિજાપુરમાં ગંગાબહેનને રેંટિયો મળ્યો. ઘણાં કુટુંબોની પાસે રેંટિયો હતો તે તેમણે મેડે ચડાવી મેલ્યો હતો. પણ જો તેમનું સૂતર કોઈ લે તો ને તેમને પૂણી પૂરી પાડવામાં આવે તો તેઓ કાંતવા તૈયાર હતાં. ગંગાબહેને મને ખબર આપ્યા, ને મારા હર્ષનો પાર ન રહ્યો. પૂણી પહોંચાડવાનું કામ અઘરું લાગ્યું. મરહૂમ ભાઈ ઉમર સોબાનીને વાત કરતાં તેમણે પોતાની મિલમાંથી પૂણીનાં ભૂંગળા પૂરાં પાડવાનું કામ માથે લીધી. મેં તે ભૂંગળાં ગંગાબહેનને મોકલ્યાં, ને સૂતર એટલા વેગથી તૈયાર થવા લાગ્યું કે હું થાક્યો.

ભાઈ ઉમર સોબાનીની ઉદારતા બહોળી હતી, છતાં તેને હદ હતી. પૂણીઓ વેચાતી લેવાનો નિશ્ચય કરાતં મને સંકોચ થયો. વળી મિલની પૂણીઓ લઈ કંતાવવામાં મને બહુ દોષ લાગ્યો. જો મિલની પૂણીઓ લઈએ તો સૂતરમાં શો દોષ? પૂર્વજોની પાસે મિલની પૂણીઓ ક્યાં હતી? એ કઈ રીતે પૂણીઓ તૈયાર કરતા હશે? પૂણીઓ બનાવનારને શોધવાનું મેં ગંગાબહેનને સૂચવ્યું. તેમણે તે કામ માથે લીધું. પીંજારાને શોધી કાઢયો. તેને દર માસે રૂ. ૩૫ ના કે એથી મોટા પગારથી રોક્યો. મને મોટા પગારનો સંકોચ ન થયો. પૂણી બનાવતાં બાળકોને શીખવ્યું. મેં રૂની ભિક્ષા માગી. ભાઈ યશવંતપ્રસાદ દેસાઈએ રૂની ગાંસડીનો પૂરી પાડવાનું માથે લીધું. ગંગાબહેને કામ એકદમ વધાર્યું. વણકરો વસાવ્યા ને કંતાયેલું સૂતર વણાવવાનું શરૂ કર્યું. વિજાપુરની ખાદી પંકાઈ.

બીજી તરફ આશ્રમમાં હવે રેંટિયો દાખલ થતાં વાર ન લાગી. મગનલાલ ગાંધીની શોધ શક્તિએ રેંટિયામાં સુધારા કર્યા, ને રેંટિયા તથા ત્રાકો આશ્રમમાં બન્યાં. આશ્રમની ખાદીના તાકાનું ખર્ચ વારના સત્તર આના પડયું. મેં મિત્રો પાસેથી જાડી કાચા સૂતરની ખાદીના એક વારના સત્તર આના લીધા તે તેમણે હોંશે આપ્યા.

મુંબઈમાં હું પથારીવશ હતો. પણ સૌને પૂછ્યા કરતો. ત્યાં બે કાંતનારી બહેનો હાથ લાગી. તેમને એક શેર સૂતરનો એક રૂપિયો આપ્યો. હું ખાદીશાસ્ત્રમાં હજુ આંધળોભીંત જેવો હતો. મારે તો હાથે કાંતેલું સૂતર જોઈતું હતું. ગંગાબહેન જે ભાવ આપતાં હતાં તેની સરખામણી કરતાં જોયું કે હું છેતરાતો હતો. બાઈઓ ઓછું લેવા તૈયાર નહોતી, તેથી તેમને છોડવી પડી. પણ

તેમનો ઉપયોગ હતો. તેમણેશ્રી અવંતિકાબાઈ, રમીબાઈ કામદાર, શ્રી શંકરલાલ બેંકરના માતુશ્રી અને શ્રી વસુમતીબહેનને કાંતવાનું શીખવ્યું. ને મારી ઓરડીમાં રેંટિયો ગુંજ્યો. એ યંત્રે મને માંદાને સાજો કરવામાં ફાળો ભર્યો એમ કહું તો અતિશયોક્તિ નથી. આ માનસિક સ્થિતિ છે એ ખરું. પણ મનનો હિસ્સો મનુષ્યને સાજોમાંદો કરવામાં ક્યાં ઓછો છે ? રેંટિયાને મેં પણ હાથ લગાડ્યો. આનાથી આગળ આ વેળા હું નહોતો જઈ શક્યો.

મુંબઈમાં હાથની પૂણીઓ ક્યાંથી લાવવી? શ્રી રેવાશંકર ઝવેરીના બંગલાની પાસેથી રોજ તાંતનો અવાજ કરતો પીંજારો પસાર થતો. તેને મેં બોલાવ્યો. તે ગાદલાનું રૂ પીંજતો. તેણે પૂણીઓ તૈયાર કરી આપવાનું કબૂલ કર્યું. ભાવ આકરો માગ્યો તે મેં આપ્યો.

આમ તૈયાર થયેલું સૂતર મેં વૈષ્ણવોને પવિત્રાં કરવા સારુ દામ લઈ વેચ્યું. ભાઈ શિવજીએ મુંબઈમાં રેંટિયાવર્ગ કાઢ્યો. આ પ્રયોગોમાં દ્રવ્યનું ખર્ચ ઠીક થયું. શ્રદ્ધાળુ દેશભક્તોએ પૈસા આપ્યા ને મેં ખરચ્યા. એ ખરચ વ્યર્થ નથી ગયું એવો મારો નમ્ર અભિપ્રાય છે. તેમાંથી ઘણું શીખવાનું મળ્યું. મર્યાદાનું માપ મળ્યું.

હવે હું કેવળ ખાદીમય થવા અધીરો થયો. મારું ધોતિયું દેશી મિલના કાપડનું હતું. જે ખાદી વિજાપુરમાં ને આશ્રમમાં થતી હતી તે બહુ જાડી અને ૩૦ ઈંચ પનાની થતી હતી. મેં ગંગાબહેનને ચેતવણી આપી કે, જો ૪૫ ઈંચ પનાનું ખાદીનું ધોતિયું એક માસની અંદર પૂરું ન પાડે, તો મારે જાડી ખાદીનું અડધિયું પહેરી નિભાવ કરવો પડશે. આ બહેન અકળાયાં, મુદ્દત ઓછી લાગી, પણ હાર્યા નહીં તેમણે મહિનાની અંદર પચાસ ઈંચનો ધોતીજોટો પૂરો પાડયો ને મારું દારિદ્રય ફિટાડયું.

એ જ અરસામાં ભાઈ લક્ષ્મીદાસ લાઠીથી અંત્યજ રામજી અને તેમનાં પત્ની ગંગાબહેનને આશ્રમમાં લાવ્યા, ને તેમની મારફતે મોટા પનાની ખાદીની ધોતી વણાવી. ખાદીપ્રચારમાં આ દંપતીનો હિસ્સો જેવો તેવો ન કહેવાય. તેમણે ગુજરાત અને ગુજરાતની બહાર હાથસૂતર વણવાનો કસબ બીજાંઓને શીખવ્યો છે.

**(સમાપ્ત)**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ મુંબઈ પ્રેરિત
# બાલાસિનોર યાત્રા પ્રવાસ સંઘ આયોજીત વ્રજ પરિક્રમા

શ્રી વાડાસિનોરના ધર્માનુરાગી વૈષ્ણવો જોગ, સર્વેને જય જય શ્રી ગોકુલેશ

સહર્ષ જણાવવાનું કે ઉપરોકત સંઘ ના નેજા હેઠળ આ વર્ષમાં વ્રજ-યાત્રા યાને ચોર્યાશી કોશની પરિક્રમાએ જવાનું નક્કી થયેલ છે. તા. ૧૪-૯-૨૦૧૯ થી ૨૩-૯-૨૦૧૯ આમ દસ દિવસની યાત્રા છે.

લીલી પરિક્રમામાં આવતા મોટા ભાગના સ્થળો આવરી લેવામાં આવ્યા છે. શ્રી મહાપ્રભુજીની બેઠકો અને ત્રણ નિધિના સ્વરૂપોના દર્શનનો લાભ મળશે. ગોકુલમાં શ્રી ગોકુલનાથજીની બેઠકમાં ચરણસ્પર્શ તથા ત્રણે શ્રી મહાપ્રભુજીની બેઠકોમાં ઝારીજી ભરવાનો લાભ લેવાનો છે.

બધા દિવસનો મુકામ ગોકુલમાં છે. શ્રી ગિરિરાજ બાવાનો ‘કુનવારા’ નો મનોરથ કરવામાં આવશે. ગોકુલમાં તેમજ મથુરામાં વિશ્રામઘાટે નિયમ લઈ યાત્રા શરૂ થશે.

**પ્રવાસી દીઠ યાત્રા ખર્ચ રૂા. ૧૭,૦૦૦/-** રાખવામાં આવ્યો છે. યાત્રા ખર્ચમાં નીચે જણાવેલ સુવિધાઓનો સમાવેશ થયેલ છે.

પ્રવાસ મુંબઈ થી શરૂ થઈને મુંબઈ સમાપ્ત થશે. પ્રવાસ દરમ્યાન બેઠકોમાં ઝારીજી ભરવાની જોગવાઈ શક્ય હશે તો કરવામાં આવશે. યાત્રા ૩ ટીયર એ.સી. ટ્રેન દ્વારા પ્રવાસ. (મુંબઈ થી ઓગષ્ટ ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ અને પાછા વળતા મથુરાથી ઓગષ્ટ ક્રાંતી રાજધાની એક્સપ્રેસ) (૨ nd એ.સી. ટ્રેનમાં પ્રવાસ કરવા ઈચ્છતા યાત્રીઓએ ટિકિટનો વધારાનો ચાર્જ ભરવાનો રહેશે. રૂમની વ્યવસ્થા (કપલ દીઠ) શકયતા પ્રમાણે એ.સી. બસ અન્યથા નોન એ.સી. બસ (૨x ૨) દ્વારા પ્રવાસ, સવારના બેડ ટી થી લઈને રાતના મસાલા મિલ્ક, બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન, સવારનો ગરમ નાસ્તો.

**નોંધ :** સિનિયર સીટીઝન મહિલાઓ ઉમર વર્ષ ૫૮ તથા પુરૂષો વર્ષ ૬૦ ને રેલ્વે પ્રવાસના દરોમાં રાહત પછીથી કાપીને આપવામાં આવશે. યાત્રા દરમ્યાન કુલીઓનો ખર્ચ યાત્રીઓએ ચુકવવો પડશે. રીક્ષાઓનો ખર્ચ યાત્રીઓએ ચૂકવવો પડશે. બેઠકોમાં ઝારી ભરવા અપરસના વસ્ત્રો તથા અન્ય સામગ્રી સાથે લાવવી અનિવાર્ય છે.

યાત્રામાં કુલ ૭૫ કપલ એટલે કે ૧૫૦ વ્યક્તિઓ વહેલો તે પહેલો ના ધોરણે લેવામાં આવશે. ત્યારબાદ નોંધાયેલ યાત્રી વેઈટ લિસ્ટમાં રહેશે. તા. ૨-૪-૨૦૧૯ થી રોજ નીચેના સ્થળે થી યાત્રા માટેના ફોર્મ આપવામાં આવશે.

**૧. બાલાસિનોર પ્રગતિ સમાજ :** બાબુગેનુ રોડ, કાલબાદેવી, કિર્તીભાઈ કડકિયા : સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન.

સંપૂર્ણ વિગતો ભરેલા ફોર્મ તથા ફોટો આઈડીની કોપી સહીત તા. ૧૫-૪-૨૦૧૯ના રોજ ૪ થી ૬ કલાક દરમ્યાન પ્રવાસી દિઠ રૂા. ૧૭,૦૦૦/- સાથે સ્વીકારવામાં આવશે.

**વધુ વિગતો માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા**
**૯૮૨૦૧૩૫૦૧૪**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**
**૯૯૩૦૪૩૩૨૩૧**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**૧) ઈકો કેમ્પ :** તા. ૩-૨-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૫ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૫-૨-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૬ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૧૧-૨૦૧૮ થી ૩૧-૧-૨૦૧૯ દરમ્યાન થયેલ કામગીરી**

૧. કમળાબેન ઓચ્છવલાલ કચેરીયા સુતિકા વિભાગ - ૧૫૬
૨. મણીલાલ ચંદુલાલ પરીખ - એક્ષ રે વિભાગ - ૧૭૦૭
૩. મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ - સોનોગ્રાફી વિભાગ - ૭૩૭
૪. લીલાબેન અને ડૉ બાબુભાઈ સાંકરલાલ દેસાઈ - ફીજીશીયન વિભાગ - ૪૬૬૦
૫. શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગ - ૨૬૫૩

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજના હેઠળ નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન/વચન મળેલ છે.**

૧. શ્રી વીરેન્દ્રભાઈ કંચનલાલ ગાંધી- ૧૧૦૦૦/-
૨. શ્રી જીતેન્દ્ર કીર્તનલાલ શાહ - ૧૧૦૦૦/-

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ

આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો. આપની ઉપલબ્ધિઓને

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર)**

**પુરસ્કૃત**

## TELENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો. આપની ઉપલબ્ધિઓ, આપના કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજ માટે અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાના સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક - શ્રી ચેતન મોદી**

**માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મિન બી. શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦, શ્રી ધર્મેશ જ. શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રી તુષાર મહેન્દ્રભાઈ કડકીઆ (બનડા)**
  નવયુગ નગર નંબર-૧, ૨ જે માળે,
  રૂમ નંબર-૧૭, ફોરજેટ હિલ રોડ,
  મુંબઈ- ૪૦૦૦૩૬, **ફોન :** ૨૩૫૩૫૬૫૧
- **શ્રી રમેશ કાંતીલાલ મોદી (મેઘલીયાવાળા)**
  **અલ્પા રમેશ મોદી**
  શારદા દર્શન કો.ઓ.હા. સોસાયટી લીમીટેડ
  એ-૦૦૧, ગ્રાઉન્ડ ફલોર, શારદા ગ્રામ બીલ્ડીંગ નં.-૧
  લીન્ક રોડ, આનંદ હોસ્પીટલની બાજુમાં
  આનંદ નગર, દહીસર (ઈસ્ટ), મુંબઈ-૬૮
  જીગર રમેશ મોદી (C.A.)
  **મોબાઈલ :** ૯૮૨૦૬૪૬૧૬૬ /
  ૯૦૨૨૬૯૧૮૦૮ / ૯૮૨૦૬૮૭૨૯૫
- **ભક્તિ દિનેશ મિસ્ત્રી**
  બી/૧૪, ૩ જે માળે, ૫ ગિરીરાજ સોસાયટી,
  ગરીબા હોસ્પીટલની બાજુમાં રોડ નંબર-૬,
  મામલતદાર વાડી, મલાડ (વેસ્ટ), મુંબઈ-૬૪
  **મો. :** ૯૯૬૯૫૦૩૫૯૮ / ૯૧૬૭૫૯૮૭૩૮
- **દિપેશ રતીલાલ દેસાઈ**
  ૪૦૪, કોટેશ્વર દર્શન, નટવર નગર રોડ નં-૪
  જોગેશ્વરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૦
  **મો. :** ૮૩૬૯૯૧૫૨૭૬/૯૮૬૭૦૭૦૨૪૦
- **તુષાર નવનીતલાલ પરીખ**
  ૧૦/૧૦૦૧, સિધ્ધી ટૉવર, ગુરૂદ્વારાની સામે,
  સાંઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૭૨
  **તુષાર પરીખ** - ૮૩૬૭૦૨૬૬૮૪ /
  ૯૩૨૧૩૭૭૫૧૯
  **મીતેષ પરીખ** - ૯૯૩૦૬૪૧૯૧૫
  **ફીયાંક પરીખ** - ૮૦૯૭૧૩૧૬૦૬
- **હરેન્દ્ર ભીખાલાલ કોટીયા**
  પેલેશ્યલ હાઈટ્સ, બી વીંગ ૧૦૦૨,
  ચાંદીવલી ફાર્મ રોડ, મુંબઈ - ૪૦૦૦૭૨
  **મો. :** ૯૮૨૦૪૭૫૧૧૭ / ૯૮૬૭૨૯૫૪૫૬
- **પ્રેમલ મહેન્દ્ર પરીખ (લેહંટા)**
  ૧૧/૧૧૦૧ શ્રી હાઈટ્સ, ૧૮ વાડીયા સ્ટ્રીટ
  તારદેવ, મુંબઈ - ૪૦૦૦૩૪
  **મો. :** ૯૮૧૯૮૧૯૮૫૬

## તેજસ્વી તારલા

- **કુમારી પ્રિયલ હિતેન પરીખ** નવેમ્બર ૨૦૧૮ની C.A. ફાઈનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી હાર્દિક અભિનંદન.
- **ડૉ. નીધી મીત કડકીઆ** બોસ્ટન યુનિવર્સીટીમાંથી D.M.D. (Doctorate) in Dental Medicine માં ગ્રેજ્યુએટ થયા છે. સંસ્થાવતી હાર્દિક અભિનંદન.




**શાહ ઉર્શિતા નેવીલ (એફણી)**
**1 st rank સાથે MBBS માં ઉત્તીર્ણ થયા છે.**
**સંસ્થાવતી હાર્દિક અભિનંદન.**

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| પુર્ણીમા નિતિન ધારીઆ (કંસારા) | ૬૬ |
| જયેશ કાંતિલાલ પરીખ (મોટા) | ૬૧ |
| અશ્વીનકુમાર જેઠાલાલ શાહ (અમેરીકા) | ૭૭ |
| ઈલાબેન વિપુલભાઈ શાહ | ૫૮ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



**ચક્ષુદાન કરેલ છે**
**દિલીપ સુરેશચંદ્ર પરીખ**
**(ઉ.વ. ૫૪)**
**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**